RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 154, Dt.13-09-2024 Friday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# સ્વિસ બેંકોએ અદાણીના રૂા.૨૬૦૦ કરોડ જપ્ત કર્યા

## હિંડનબર્ગે અદાણી ગ્રુપ સામે ફોડયો વધુ એક કોર્પોરેટ બોંબ : મની લોન્ડ્રીંગ – છેતરપીંડીની તપાસ હેઠળ કાર્યવાહી થયાનો દાવો : અદાણી ગ્રુપે દાવાઓ ફગાવ્યા

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હિંડનબર્ગ રિસર્ચ અદાણી ગ્રુપ પાછળ આદુ ખાઈને પડી ગઈ હોય તેવું લાગે છે. આ અમેરિકન કંપનીએ અદાણી પર વધુ એક બોમ્બ ફેંકયો છે. હિન્ડેનબર્ગે દાવો કર્યો છે કે સ્વિસ સત્તાવાળાઓએ અદાણીના મની લોન્ડરિંગ અને છેતરપિંડીની તપાસના ભાગરૂપે અનેક બેંક ખાતાઓમાં જમા કરાયેલા ૩૧૦ મિલિયન (આશરે રૂ.૨૬૦૦ કરોડ) થી વધુને ફ્રીઝ કરી દીધા છે. આ તપાસ ૨૦૨૧થી ચાલી રહી છે.

અમેરિકન શોર્ટ સેલર ફર્મ હિંડનબર્ગ રિસર્ચે ફરી એકવાર અદાણી ગ્રુપ પર હુમલો કર્યો છે. હવે સ્વિસ મીડિયા આઉટલેટ ગોથમ સિટીના એક સમાચારને ટાંકીને કહ્યું છે કે અદાણી ગ્રુપની તપાસના ભાગરૂપે સ્વિસ સત્તાવાળાઓએ કેટલાંક સ્વિસ બેંક ખાતાઓમાં ૩૧૦ મિલિયન એટલે કે લગભગ રૂ. ૨૬૦૦ કરોડથી વધુના ફંડને ફ્રીઝ કરી દીધું છે. હિન્ડેનબર્ગે ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ઙ પરની એક પોસ્ટમાં આ આરોપ લગાવ્યો હતો. સ્વિસ સત્તાવાળાઓ ૨૦૨૧ થી મની લોન્ડરિંગ અને સિકયોરિટીઝ છેતરપિંડી માટે અદાણી જૂથની તપાસ કરી રહ્યા છે.

આરોપોને બકવાસ, અતાર્કિક અને વાહિયાતે ગણાવતા અદાણી ગ્રૂપના પ્રવક્તાએ જણાવ્યું હતુ કે, અદાણી ગ્રૂપની કોઈપણ સ્વિસ કોર્ટની કાર્યવાહીમાં કોઈ સંડોવણી નથી, કે અમારી કંપનીના કોઈપણ ખાતાઓ કોઈ સત્તા દ્વારા જપ્ત કરવામાં આવ્યા નથી.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અમને એ કહેવામાં કોઈ ખચકાટ નથી કે અમારા ગ્રુપની પ્રતિષ્ઠા અને બજાર મૂલ્યને ન ઉલટાવી શકાય તેવું નુકસાન પહોંચાડવા માટે એકસાથે કામ કરી રહેલા સમાન જૂથ દ્વારા આ બીજો વ્યવસ્થિત અને ગંભીર પ્રયાસ છે.

તેમણે કહ્યું, ઉક્ત આદેશમાં પણ, સ્વિસ કોર્ટે ન તો અમારી જૂથ કંપનીઓનો ઉલ્લેખ કર્યો છે અને ન તો અમને આવી કોઈ સત્તા અથવા નિયમનકારી સંસ્થા પાસેથી સ્પષ્ટતા અથવા માહિતી માટે કોઈ વિનંતી મળી છે. અમે પુનરોચ્ચાર કરીએ છીએ કે અમારું વિદેશી હોલ્ડિંગ માળખું પારદર્શક, સંપૂર્ણ રીતે જાહેર અને તમામ સંબંધિત કાયદાઓનું પાલન કરેલું છે.

હિન્ડેનબર્ગે સમાચારને ટાંકીને જણાવ્યું હતું કે અદાણીનું પ્રતિનિધિત્વ કરતા ફ્રન્ટમેને બ્રિટિશ વર્જિન ટાપુઓ/મોરિશિયસ અને




બર્મુડા સ્થિત અપારદર્શક ફંડ્સમાં રોકાણ કર્યુ હતું, જે તમામ અદાણીના શેરો લગભગ વિશિષ્ટ રીતે ધરાવે છે. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે ફ્રન્ટમેન પાસે છ સ્વિસ બેંકોમાં ૩૧૦ મિલિયનથી વધુ રોકાયેલા હતા, જે તમામ હવે ફ્રીઝ કરવામાં આવ્યા છે.

અદાણી-હિંડનબર્ગ વિવાદ સમાપ્ત થવા જઈ રહ્યો હતો, તેવામાં ઓગસ્ટમાં નવા આરોપોએ એપિસોડને ફરીથી જાગળત કર્યો. ૨૦૨૩ની શરૂઆતમાં શોર્ટ સેલર્સે અદાણી ગ્રુપ પર ટેક્સ હેવન દ્વારા બજારના નિયમોનો ભંગ કરવાનો આરોપ લગાવ્યો હતો. હિન્ડેનબર્ગ રિસર્ચે બજાર નિયમનકાર સેબીના ચેરપર્સન માધાબી પુરી બૂચ અને તેમના પતિ ધવલ બુચ પર અદાણી જૂથ સાથેના સંબંધો ધરાવતા ઑફશોર ફંડમાં રોકાણ કરવાનો આરોપ મૂક્યો છે.

હિન્ડેનબર્ગ રિસર્ચ શોર્ટ શેર્સનું વેચાણ કરે છે. આનો અર્થ એ છે કે તે તે શેર લે છે અને તેમની કિંમતમાં ઘટાડો થવાની અપેક્ષા રાખે છે. જ્યારે શેરની કિંમત ઘટે છે, ત્યારે હિન્ડેનબર્ગ રિસર્ચ તેમને નીચા ભાવે પાછા ખરીદે છે અને નફો કરે છે. અદાણી સાથેના વિવાદને કારણે તે ઘણી હેડલાઈન્સ બની છે.

## ઉતર ભારતથી પૂર્વોતર સુધી મેઘરાજાનું દે ધનાધનઃ ૪૭ લોકોના મોત

### દિલ્હી, ઉતરપ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન સહિતના રાજ્યોમાં ભારે વરસાદથી વ્યાપક ખાનાખરાબી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતીય હવામાન વિભાગના કહેવા પ્રમાણે પાટનગર દિલ્હીમાં રાત્રે ભારે વરસાદ પડતા જળબંબાકારની હાલત સર્જાઈ હતી. આ સિવાય પશ્ચિમ રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઓરિસ્સા તથા ઝારખંડમાં ભારે વરસાદ ખાબકયો છે. છેલ્લા ૩૬ કલાકમાં વરસાદી દુર્ઘટનાઓમાં ૪૭ લોકોનો ભોગ લેવાયો હતો.

જેમાં સૌથી વધુ ઉતરપ્રદેશમાં ૩૨ લોકોના મોત થયા હતા. જયારે મધ્યપ્રદેશમાં ૧૧ અને રાજસ્થાનમાં ૪ લોકો મોતને ભેટ્યા હતા. ૩૮ લોકો ઘાયલ થયા હતા. અન્ય રાજયોમાં પણ વરસાદી દુર્ઘટનાથી ખાનાખરાબી સર્જાઈ હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. મોટાભાગની દુર્ઘટના મકાન, દિવાલ ધસી પડવાથી અને ઈલેકટ્રીક શોક લાગવાથી સર્જાઈ હતી.

ઉતરાખંડમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનની ઘટનાઓથી હાલત ખરાબ થઈ છે. કેદારનાથ યાત્રા રોકી દેવા ઉપરાંત રાજયભરની શાળાઓમાં રજા જાહેર કરવામા આવી હતી. હિમાચલ પ્રદેશમાં પૂરનો ખતરો સર્જાયો છે. બંને રાજયોમાં રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે.

હવામાન વિભાગના કહેવા પ્રમાણે બાંગ્લાદેશમાં લો પ્રેસર સર્જાવાને કારણે વધુ ૩ દિવસ ઉતર પૂર્વીય રાજયોમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. આ સિવાય મધ્યપ્રદેશ પર સર્જાયેલુ લો પ્રેસર દક્ષિણ-પશ્ચિમમાં ઉતરપ્રદેશમાં પહોંચશે એટલે તે રાજયમાં પણ ભારે વરસાદ થઈ શકે છે.ઉતરપ્રદેશમાં ભારે વરસાદનો કહેર ચાલુ જ રહ્યો છે અને સંખ્યાબંધ જિલ્લાઓમાં શાળા-કોલેજો બંધ કરી દેવામા આવ્યા છે. અનેક ભાગોમાં છેલ્લા ૩૬ કલાકથી સતત વરસાદ વરસી



રહ્યો છે.જેમાં મેરઠ, હાપુર, આગ્રા, મેનપુરી, ફિરોઝાબાદ, મથુરા, અલીગઢ, બુલંદ શહેર, સીતાપુર, ઝાંસી, કાનપુર સહિતના જિલ્લાઓનો સમાવેશ થાય છે. સેંકડો વૃક્ષો ધરાશાયી થયા છે અને વિજ પુરવઠો પણ પ્રભાવિત થયો છે.રાજસ્થાનમાં પણ અનરાધાર વરસાદને પગલે ૫૦ ગામો ઉપર સંકટ સર્જાયુ છે. આ સિવાય પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, મીઝોરમ, નાગાલેન્ડ, મણીપુર તથા ત્રિપુરામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાયુ છે. હવામાન વિભાગ દ્વારા ૧૪ રાજયોમાં આવતા ૩ દિવસ માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામા આવી છે.

## ટોલટેક્સમાં વાહન ચાલકો 'ખોટી રીતે' ખંખેરાય છે

### એક જ માસમાં ૫.૬૧ લાખથી વધુ ફરિયાદોમાંથી ૧.૩૯ લાખમાં નાણાં પરત કરાયા

- **૨૪ કલાકમાં 'રીટર્ન જર્ની'માં ૫૦ ટકા ટેક્સનો લાભ નથી અપાતો**

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારે વરસાદમાં રસ્તા ધોવાઈ ગયા છે જ્યારે ટોલટેક્સ વસુલી રોકવાની માંગ વચ્ચે હવે ખોટી રીતે ટોલટેક્સ વસુલાતો હોવાનું બહાર આવ્યું છે. એક્સપ્રેસ-વે તથા હાઈવે પર ૨૪ કલાકમાં પરત ફરવા પર ટેક્સ છુટ્ટનો લાભ ટોલ કલેકશન કંપનીઓ આપી નથી રહી. ઉપરાંત નિર્ધારિત કરતા વધુ અંતર દર્શાવીને વધુ ટેક્સ વસુલવામાં આવી રહ્યાના કિસ્સા પ્રકાશમાં આવ્યા છે.

નેશનલ પેમેન્ટ કોર્પોરેશનના આંકડા પ્રમાણે જુલાઈ-૨૦૨૪માં ૧૨ ફાસ્ટેગ કંપનીઓ તથા બેંકોએ ૧.૩૯ લાખ ફરિયાદો આવી હોવાનું સ્વીકારીને ટોલટેક્સના નાણાં પરત ફર્યા હતા. ૫.૬૧ લાખથી વધુ ફરિયાદો થઈ હતી તેમાંથી ૧૩૯૦૫૭ વ્યવહારોના નાણાં પરત કરવામાં આવ્યા હતા. બાકીની ફરિયાદો ચકાસણીના તબકકે છે.

બેંકોને લાગે વળગે છે ત્યાં સુધી એચડીએફસી બેંકે કુલ ફરિયાદોમાંથી ૫૨.૨૫ ટકા વ્યવહારોમાં નાણાં પરત કર્યા હતા. ૩૨૮૫૦ ફરિયાદો બેંકને થઈ હતી તેમાંથી ૧૭૧૬૨નો સ્વીકાર કરીને બેંકે નાણાં પરત કર્યા હતા.

હાઈવે ઓથોરીટી ઓફ ઈન્ડિયાના એક સીનીયર અધિકારીએ જણાવ્યું હતું કે




એકસપ્રેસ-વે અથવા હાઈવે પર ફાસ્ટેગ મારફત ટોલ વસુલીની જેટલી ફરિયાદો આવે છે તેની નોંધ લઈને ટોલ એજન્સીઓને નોટીસ જારી કરવામાં આવે છે.

તેઓએ કહ્યું કે વાહન ચાલક ૨૪ કલાકમાં જ પરત આવે તો ૫૦ ટકા જ ટોલટેકસ વસુલાતની જોગવાઈ છે પરંતુ આ લાભ અપાતો ન હોવાથી સૌથી વધુ ફરિયાદ થાય છે.આ સિવાય કોઈ વાહન ચાલકે એકસપ્રેસ-વે પકડીને ૨૦ કિલોમીટરનું અંતર કાપ્યું હોય તો પણ વધુ સફર કરી હોવાનું દર્શાવીને વધુ ટેક્સ કપાઈ જતા હોવાની વ્યાપક ફરિયાદો છે આવા કિસ્સામાં પણ ફાસ્ટેગ કંપનીઓ નાણાં પરત કરે છે.

## હરિયાણા વિધાનસભા બાવન દિવસ પહેલા કેમ ભંગ કરાઈ ? બંધારણીય કટોકટી સર્જાય તે પૂર્વે એકશન

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

હરિયાણામાં ધારાસભા ચૂંટણીઓ યોજાઈ રહી છે અને સામાન્ય સીરસ્તા મુજબ ચૂંટણી પરિણામો બાદ નવી વિધાનસભાની રચના પૂર્વે જુની વિધાનસભાને ભંગ કરવામાં આવે છે પણ હરિયાણામાં ગઈકાલે વિધાનસભાને તેની મુદતના બાવન દિવસ પૂર્વે ભંગ કરવાની જાહેરાત કરીને એક બંધારણીય કટોકટી ટાળવામાં આવી છે.

હરિયાણા વિધાનસભાનું છેલ્લુ સત્ર તા. ૧૩ માર્ચ ૨૦૨૪માં મળ્યું હતું અને બંધારણની જોગવાઈ મુજબ બે સત્ર વચ્ચે છ માસથી વધુનો સમય રાખી શકાય નહીં અને તે મુજબ ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના સત્ર બોલાવવું ફરજીયાત બની ગયું હતું. પરંતુ રાજયમાં ચૂંટણીઓની જાહેરાત થઈ ગઈ છે ઉમેદવારી પત્રકો ભરાઈ ગયા છે અને પ્રચારનો તબકકો છે તે વચ્ચે વિધાનસભાનું સત્ર બોલાવવાનું અશકય હોવાથી વિધાનસભાને ભંગ કરી દેવામાં આવી છે જેના કારણે બંધારણીય કટોકટી ટળી ગઈ છે. ગઈકાલે મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીના અધ્યક્ષપદ હેઠળ કેબીનેટની બેઠક મળી હતી અને તેમાં વિધાનસભાને ભંગ કરવા રાજયપાલને ભલામણ કરવામાં આવી હતી તુર્ત જ રાજયપાલે તે અંગેનું જાહેરનામુ બહાર પાડી દીધુ છે જેથી હવે સૈની સરકારમાં મુખ્યમંત્રીએ રખેવાળ મુખ્યમંત્રી બની ગયા છે અને તેઓ કોઈ નીતિ વિષયક નિર્ણય લેશે નહીં જોકે ૧૩ માર્ચના હરિયાણામાં વિધાનસભા સત્ર બોલાવાયુ અને તે સમયે મુખ્યમંત્રી તરીકે નિયુકત થયેલા નાયબસિંહ સૈનીએ વિશ્વાસ મત મેળવ્યો હતો.પરંતુ જુનના શરૂઆતમાં જ અપક્ષ ધારાસભ્યો કે જે સરકારને ટેકો આપતા હતા તેને પોતાનો ટેકો પાછો ખેંચી લીધો અને સરકાર લઘુમતીમાં આવી ગઈ હતી. વિપક્ષો ગેલમાં આવી ગયા હતા અને વિધાનસભાનું ખાસ સત્ર બોલાવીને સરકારને વિશ્વાસ મત મેળવવા કોંગ્રેસ સહિતના પક્ષોએ



માંગણી કરી હતી. જોકે વિધાનસભાના અધ્યક્ષ કે રાજયપાલે સત્ર બોલાવ્યું નહીં, પૂર્વ મુખ્યમંત્રી મનહરલાલ ખટ્ટરે એવો દાવો કર્યો કે સરકાર બહુમતીમાં છે અને અમારી પાસે ધારાસભ્યના ટેકાના લેખિત પત્ર છે આમ કહીને વિશ્વાસ મતની કટોકટી ટાળી હતી. આ દરમ્યાન જ જનનાયક જનતા પાર્ટીમાં ભંગાણ પડાવીને કેટલાક ધારાસભ્યનો સરકારને ટેકો હોવાનો નિશ્ચિત કરી લીધુ હતું અને આ રીતે રાજકીય અને બંધારણીય બંને કટોકટીઓ પાર પાડવામાં આવી છે.

## આખરે દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલને જામીન પર મુક્ત કરતી સુપ્રિમ કોર્ટ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ગત માર્ચ માસથી જેલમાં રહેલા આમ આદમી પાર્ટીના વડા અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને આખરે જામીન મળ્યા છે તેઓ આજે અથવા આવતીકાલે જેલમુક્ત થઈ જશે. આજે સુપ્રિમ કોર્ટે સીબીઆઈના કેસમાં કેજરીવાલની ધરપકડને યોગ્ય ગણાવવાની સાથે જામીન આપ્યા હતા.



જસ્ટીસ સુર્યકાંતની ખંડપીઠે જણાવ્યું હતું કે કેજરીવાલની ધરપકડમાં યોગ્ય પ્રક્રિયા અનુસરવામાં આવી છે અને આરોપી એક કેસમાં જો જેલમાં બંધ હોય તો બીજા કેસમાં જેલમાંથી તેની ધરપકડ થઈ શકે છે. સાથોસાથ કેજરીવાલને જામીન મંજુર કર્યા હતા. આમ ૧૭૭ દિવસ બાદ કેજરીવાલ જેલ બહાર નીકળશે. અગાઉ ઈડીના કેસમાં તેમને જામીન મળ્યા છે. દિલ્હીના શરાબ કાંડમાં આમ આદમી પાર્ટીના અનેક નેતાઓ જેલમાં ગયા હતા. જેમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સીસોદીયા અને સાંસદ સંજયસિંહને જામીન મળ્યા છે. સીસોદીયા ૧૭ માસ બાદ જેલમુક્ત થવામાં સફળ રહ્યા હતા. કેજરીવાલને અગાઉ આ જ પ્રકરણમાં ઈડી દ્વારા કરાયેલા કેસમાં જામીન મળ્યા હતા પરંતુ જેલમાંથી છુટે એ પહેલા જ સીબીઆઈએ તેમની ધરપકડ કરી લીધી હતી. જેથી તેનો જેલવાસ લંબાયો હતો.

## ઉત્તરપ્રદેશમાં રેલ્વે પાટા સાથે ફરી ચેડાઃ ટ્રેક પર કપચી પાથરી કર્યો પથ્થરમારો

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

પ્રયાગરાજ શહેરને અડીને આવેલાં ચેકફૈજ છતરી બિંદવાલિયા પાસે પાટા પર લગભગ બે મીટર સુધી કપચી નાખીને પ્રયાગરાજ રામબાગ-બલિયા પેસેન્જર ટ્રેનને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.ટ્રેનનાં એન્જિન અને બોગીમાંથી જોરદાર અવાજ સાંભળીને પાયલટ અને મુસાફરો ડરી ગયાં હતાં. યુવકોએ ટ્રેન પર પથ્થરમારો પણ કર્યો હતો.

પાયલટે આ માહિતી ગાઝીપુર ઘાટ સ્ટેશનનાં સ્ટેશન માસ્ટર પવન કુમારને આપી હતી. સ્ટેશન માસ્તરે આરપીએફ પોલીસ સ્ટેશનમાં રેલ્વે લાઈન ઉપર કપચી નાખવા અને ટ્રેન પર પથ્થરમારો કરવાનો કેસ નોંધ્યો હતો. આ ઘટના ૧૦ મી સપ્ટેમ્બરની રાત્રે બની હતી.





રેલવે પોલીસે આરોપીની શોધખોળ માટે દરોડા પાડ્યાં હતાં. બીજા દિવસે રાત્રે આરપીએફના જવાનો અને કોતવાલી પોલીસે ઘટના સ્થળેથી ત્રણ યુવકોની ધરપકડ કરી હતી.

પોલીસ પૂછપરછમાં યુવકોએ જણાવ્યું હતું કે દરરોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ તેઓ આવીને સ્થળ પાસે બેસીને ગાંજાનું સેવન કરે છે. ગાંજા પીધાં બાદ તેને રેલ્વે ટ્રેક પર કપચી નાખીને ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. તેનાં નામ આકાશ, સોનુ કુમાર અને દાનિશ અંસારી છે.

આરપીએફના ઈન્સ્પેક્ટર અમિત રાયે જણાવ્યું કે ત્રણેય નશાખોરો છે. ગુરુવારે ત્રણેયને વારાણસી રેલ્વે મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં, જ્યાંથી તેને જેલમાં મોકલી દેવામાં આવ્યાં છે.

## ગુજરાતમાં અપરાધી કે તેના કુંટુબની મિલ્કત પર બુલડોઝર ચલાવવા સામે સુપ્રીમની રોક

### કોઈ એક વ્યકિતની અપરાધમાં કથીત સંડોવણીથી સત્તાવાળાઓને તેની મિલ્કતનો ધ્વંશ કરવાનો અધિકાર મળતો નથી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં બુલડોઝર પોલીટીકસ અંગે સર્જાયેલા વિવાદ વચ્ચે સુપ્રીમ કોર્ટે ગુજરાતમાં બુલડોઝર કાર્યવાહી રોકવા આદેશ આપતા કહ્યું કે, ફકત કોઈ અપરાધમાં સંડોવણી હોય તેના કારણે અપરાધી કે તેના કુટુંબની મિલ્કત પર બુલડોઝર ફેરવી શકાય નહીં, સર્વોચ્ચ અદાલતે આ પ્રકારની બુલડોઝર ચલાવવાની પ્રવૃત્તિને કાનુનને કચડવા જેવું ગણાવ્યું હતું અને આ પ્રકારના કોઈપણ કૃત્યને કાનુન વિરોધી ગણવામાં આવશે તેવી ચેતવણી પણ આપી હતી.

સર્વોચ્ચ અદાલતે બુલડોઝર ચલાવવા સામે આ બીજી વખત આકરી ચેતવણી આપી છે, સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ ઋષીકેશ રોયના નેતૃત્વ હેઠળની ખંડપીઠે ગુજરાતમાં હાલ જે મિલ્કતો સામે બુલડોઝર ચલાવાઈ રહ્યું છે તેને રોકવા આદેશ આપીને યથાવત સ્થિતિ જાળવી રાખવામાં જણાવ્યું છે, સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે કાનુન અપરાધી કે દોષિત કે પછી તેના કુટુંબીજનોના આશરા જેવી મિલ્કતને તોડવાની મંજૂરી આપતુ નથી.

આ પ્રકારે બુલડોઝર જસ્ટીસ સામે સુપ્રીમ કોર્ટે ભવિષ્યમાં કોઈ પ્રકારના બાંધકામ તોડવા હોય તો તેમાં એક માર્ગ રેખા બનાવવા અને તમામ રાજયો તેને અનુસરે તે માટે સંમતિ બતાવી હતી. સર્વોચ્ચ અદાલત સમક્ષ ગુજરાત ઉપરાંત રાજસ્થાન, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં અપરાધીની મિલ્કત ઉપર બુલડોઝર ફેરવવાના કૃત્ય અંગે થયેલી રીટ અરજી અંગે આ આદેશ આપ્યો હતો.

રાજયમાં મહાનગરપાલિકા દ્વારા એક વ્યકિતની મિલ્કત ઉપર બુલડોઝર ફેરવી દેવાની સત્તાવાળાએ આપેલી ચેતવણી સંદર્ભમાં તેને સુપ્રીમ કોર્ટમાં કરેલી રીટ અરજી પર સુનાવણી કરતા સમયે જણાવ્યું હતું કે કુટુંબના એક વ્યક્તિ કોઈ અપરાધ કરે તો પણ સમગ્ર કુટુંબને તેની સજા આપી શકાય નહીં અને દેશમાં કાનુન એ સર્વોચ્ચ છે અને આ પ્રકારના કૃત્યને કાનુન ઉપર બુલડોઝર ચલાવવા જેવું ગણાશે.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે, કાનુની રીતે બાંધકામ કરાયેલ મિલ્કતો સામેની આ પ્રકારની કાર્યવાહી રોકાવી જોઈએ. કોઈપણ વ્યકિતની કોઈ અપરાધમાં સંડોવણીથી તેની મિલ્કત પર બુલડોઝર ચલાવવાની કોઈ ભૂમિકા નથી અને સુપ્રીમ કોર્ટે આ અંગે ગુજરાત સરકાર અને મ્યુનિ. ઓથોરીટીને નોટીસ પાઠવી હતી.સર્વોચ્ચ અદાલત સમક્ષ અરજદારના ધારાશાસ્ત્રી ઈકબાલ સૈયદએ દસ્તાવેજો રજૂ કરીને એ જણાવ્યું હતું કે કોઈ પણ પ્રકારે ગેરકાનુની



બાંધકામ થયુ નથી તેનો આ રેવન્યુ રેકર્ડ છે અને છેલ્લા બે દસકાથી કુટુંબ અહીં રહે છે.ઉપરાંત તેને ૨૦૦૪માં ગ્રામ પંચાયતે જ રહેણાંક મકાન બનાવવાની મંજૂરી આપી હતી. જયારે આ કુટુંબના એક સભ્ય સામે ફોજદારી અપરાધ નોંધાતા જ તેના મિલ્કત પર બુલડોઝર ફેરવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જેની સામે પણ તેઓએ સર્વોચ્ચ અદાલતમાં રજુઆત કરીને કોઈપણ કાર્યવાહી વગર અને પુરાવા વગર ધમકી આપવા સામે પણ સુપ્રીમની દાદ માંગી હતી. સર્વોચ્ચ અદાલતે હાલ કોઈ પણ પ્રકારે બુલડોઝર પ્રવૃત્તિને રોકવા આદેશ આપીને ચાર સપ્તાહ બાદ સુનાવણી રાખી છે.

# જામનગર જિલ્લા કલેકટર ભાવીન પંડ્યા દ્વારા દત્તક વિધાન થકી ત્રણ બાળકો વડોદરા તથા કચ્છના દંપતીઓને સોંપાયા

મુખ્ય સમાચાર,જામનગર

જામનગર, કલેકટર કચેરીના સંભાખડ ખાતે જિલ્લા કલેકટર ભાવીન પંડ્યા દ્વારા જામનગરના કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં ઉછરી રહેલ ત્રણ શિશુઓને દત્તક વિધાન થકી વડોદરા તથા કચ્છના દંપતીઓને સોંપાયા હતા. આમ ઈઅછઅ (સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટી)ના માધ્યમથી જામનગરના કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહના ત્રણ શિશુઓને માં-બાપની હુંફ મળી છે તો વડોદરા અને કચ્છના ત્રણ પરિવારો સંપુર્ણ બન્યાં છે.કચ્છના એક તથા વડોદરાના બે દંપતિઓએ જામનગરના આ ત્રણ બાળકોને સ્વીકારવાની તત્પરતા દર્શાવતા જિલ્લા કલેકટર ભાવીન પંડ્યાના આદેશ બાદ જિલ્લા સમાજ સુરક્ષા વિભાગે તમામ કાનૂની



પ્રક્રિયાઓ પૂર્ણ કરી આ બાળકોને કલેક્ટરશ્રીના હસ્તે દતક વિધાન થકી તેના વાલીઓને સોંપવામાં આવ્યા હતા.દતકવિધાન વેળાએ બાળકને દત્તક લેનાર વડોદરાના વાલીએ હર્ષભેર જણાવ્યું હતુ કે બાળક દત્તક લેવા અંગે અમે નોંધણી કરી ત્યારથી લઈ અમને બાળક મળ્યુ ત્યા સુધી સ્થાનિક તંત્ર તથા કસ્તુરબા વિકાસ ગૃહે અમને ખુબ મદદ કરી. સરકારના વિવિધ વિભાગોએ અમને આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન ખૂબ સહકાર આપ્યો. તેમના આ સહકારને કારણે આજે અમારો પરીવાર પરિપૂર્ણ થયો છે. તેમ જણાવી દરેક અનાથ બાળકને વાલીરૂપી નાથ મળે તેવી મંગલકામના વ્યક્ત કરી હતી.

વડોદરાના જ અન્ય એક વાલીએ જણાવ્યું કે અમે આજથી ત્રણ વર્ષ પહેલા સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરિટીના માધ્યમથી બાળક દત્તક લેવાની પ્રક્રિયા શરૂ કરી હતી.અને આજે અમને બાળક નહી પરંતુ ખુશીઓ મળી છે. આજે અમારો પરિવાર સંપૂર્ણ બનતા અમે ખુબ જ ખુશ છીએ. આજે દુનિયામાં અનેક એવાં નિરાધાર બાળકો છે કે જેમને વાલીની જરૂર છે જ્યારે અનેક એવાં દંપતી પણ છે કે જેઓ સંતતિ સુખ થી વંચિત છે. ત્યારે આ પ્રકારની મદદ બંને માટે આશીર્વાદરૂપ છે.તેમ જણાવી આવા બાળકોને યોગ્ય વાલી મળે અને ફરી તેનું જીવન મહેકી ઉઠે તે માટે જહેમત ઉઠાવનાર જિલ્લા વહીવટી તંત્ર જામનગર, બાળ કલ્યાણ સમિતિ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી તથા કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જામનગરમાં જેએમસી કનેક્ટ એપનું સાંસદ પૂનમબેન માડમના હસ્તે લોન્ચીંગ

જામનગર નગરજનોની સુવિધા માટે જામનગર મહાનગરપાલિકા દ્વારા જેએમસી કનેક્ટ નામની નવી મોબાઈલ એપ્લીકેશન બનાવવામાં આવી છે. જેનું લોન્ચીંગ ગઈકાલે સાંજે સાંસદ પૂનમબેન માડમના હસ્તે કરવામાં આવ્યું હતું. આ એપ્લીકેશનથી લોકો ફરિયાદ કરી શકશે, વેરા ભરપાઈ કરી શકશે. ઉપરાંત મહાનગરપાલિકાની અનેક સેવાની સુવિધા ઉપલબ્ધ થશે.

નગરજનોને અનેક સેવાઓ મોબાઈલ ફોન મારફત આંગળીના ટેરવે મળી રહેશે. નસ્ત્રજેએમસી કનેક્ટસ્ત્રસ્ત્ર નામની આ એપ્લીકેશનનું ગઈકાલે સાંજે તળાવની પાળે આયોજીત કાર્યક્રમમાં સાંસદ પૂનમબેન માડમના હસ્તે લોન્ચીંગ કરવામાં આવ્યું હતું.

આ સમયે મેયર વિનોદ ખીમસૂર્યા, ડે. મેયર ક્રિષ્નાબેન સોઢા, સ્ટે. કમિટીના ચેરમેન નિલેષ કગથરા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, શાસકપક્ષના નેતા આશિષ જોષી, દંડક કેતનભાઈ નાખવા, કમિશ્નર ડી.એન. મોદી, સિટી ઈજનેર ભાવેશ જાની, આસિ. કમિશ્નર (ટેક્સ) જીગ્નેશ નિર્મળ, શહેર ભાજપ અધ્યક્ષ વિમલ કગથરા, એચડીએફસી બેંકના નિરજ દતાણી, પૂનિત પટેલ, પીનલ શાહ વિગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.શહેરના અલગ-અલગ પાર્ક, વોકીંગ પાસ, કોમ્યુનિટી હોલ અથવા ટાઉનહોલ બુકીંગ, વેરા ભરપાઈ, જન્મ-મરણના દાખલા, ઓનલાઈન નામ ટ્રાન્સફર, દંડ, પેનલ્ટી સહિતની તમામ પ્રકારની



ચૂકવણી, નગરની માહિતી, સરકારી યોજનાઓ, ફ્લ્ડ કંટ્રોલ મેનેજમેન્ટ સહિતની સુવિધા ઓનલાઈન મળશે.મહાનગરપાલિકા સંબંધિત કચરા, સફાઈ, પાણી સહિતની વિવિધ ફરિયાદો થઈ શકશે. જેનો ઉકેલ લાવવામાં આવશે. તેની સંપૂર્ણ માહિતી આ એપ્લીકેશનથી મળી રહેશે. આ સાથે ઓફિસર્સ ૩૧૧ એપ્લીકેશન પણ લોન્ચ કરાઈ છે. જેમાં ફિલ્ડ વર્ક કરતા અધિકારીની કામગીરીની વિગતો મળી રહેશે.ઉકરડાના પોઈન્ટ આઈએસ મેપીંગથી જોઈ શકાશે.

# મોરબીમાં કેન્દ્રીય ડિઝાસ્ટરની ટીમે જીલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી

## કેન્દ્રીય ટીમ દ્વારા હળવદ અને માળીયાના વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતનું મૂલ્યાંકન કરાયું

મુખ્ય સમાચાર,મોરબી

મોરબી જીલ્લામાં ભારે વરસાદના પગલે સર્જાયેલી પૂરની પરિસ્થિતિના સર્વે અને મૂલ્યાંકન માટે દિલ્હી ખાતેથી આવેલી કેન્દ્રીય ડિઝાસ્ટરની ટીમ દ્વારા મોરબી જીલ્લાના માળીયા તથા હળવદ તાલુકાના અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત કરી પરિસ્થિતનો તાગ મેળવ્યો હતો.

કેન્દ્રીય ટીમ દ્વારા હળવદ ખાતે બેઠક યોજી રેડ એલર્ટના પગલે મોરબી જીલ્લામાં પડેલા વરસાદ, ડેમના ખોલવામાં આવેલા દરવાજા અને છોડવામાં આવેલા પાણી, વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી પૂર્વ તૈયારી, પૂરની સ્થિતિ અન્વયે તૈનાત રાખવામાં આવેલી એસ.ડી.આર.એફ., એન.ડી.આર એફ. તથા આર્મીની રેસ્ક્યુ ટીમ અને તેની કામગીરી, જીલ્લામાં થયેલું સ્થળાંતર અને આશ્રયસ્થાનો, માનવ મૃત્યુ, પશુ મૃત્યુ, રોડ અને વીજપોલને થયેલ નુકસાન, ખેતીવાડીમાં થયેલ નુકસાન તથા સર્વેની કામગીરી અને સર્વેના પેરામીટર્સ, વિવિધ સહાય અને કેશડોલની ચુકવણી તથા પૂરની સ્થિતિ દરમિયાન અને ત્યારબાદ વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી કામગીરી સહિતના મુદ્દાઓ અંગે તલસ્પર્શી સમીક્ષા કરી હતી.

કેન્દ્રીય ડિઝાસ્ટર ટીમમાં આવેલા ડાયરેક્ટરેટ ઓફ મિલેટ ડેવલપમેન્ટ જયપુરના ડાયરેક્ટર ડો.સુભાષ ચંદ્રા, રૂરલ ડેવલપમેન્ટ (દિશા ડિવીઝન)ના ડેપ્યુટી ડાયરેકટર(આર.સી.)અને એક્ઝીક્યુટીવ એન્જીનિયર સૌરવ શિવહારે સહિતના અધિકારીઓ દ્વારા (હળવદ અને માળીયા વિસ્તારમાં પડી ગયા બાદ ઉભા કરેલા વીજપોલ, રીપેર થઈ ગયેલા રસ્તાઓ પાક ધોવાઈ ગયો હોય તેવા ખેતર અને અસરગ્રસ્ત ગામની મુલાકાત કરી હતી. માળીયાના હરીપર ગામે આ ટીમ દ્વારા ગામના સરપંચ અને ગ્રામજનો સાથે સંવાદ સાધી પૂર દરમિયાન તેમને પડેલી સમસ્યા, વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવેલી સહાય, ગામમાં ખેતીવાડી અને પશુ મૃત્યુ સહિતના નુકસાન અને તે માટે ચુકવવામાં આવેલા કેશડોલ્સ સહિતના મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી.

આ મુલાકાત દરમિયાન આ ટીમ સાથે હળવદ પ્રાંત અધિકારી ધાર્મિક ડોબરીયા જીલ્લા પુરવઠા અધિકારી સંદીપ વર્મા, માળીયા મામલતદાર કે.વી. સાનિયા, હળવદ તાલુકા વિકાસ અધિકારી મેહુલ સિંધવ, જીલ્લા ખેતીવાડી અધિકારી હિમાંશુ ઉસદડિયા, વિસ્તરણ (ખેતી) અધિકારી પરસાણીયા, બાગાયત



અધિકારી ભાવેશ કોઠારીયા ખેતી અધિકારી ડો. હસમુખ ઝિંઝુવાડીયા તેમજ માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ, પીજીવીસીએલ, આરોગ્ય વિભાગ સહિત સંબંધિત વિભાગના અધિકારી/ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


# મોરબીની યમુનાનગર સોસાયટીના રહેણાંકમાંથી અંગ્રેજી દારૂની ૬ બોટલ સાથે મકાન માલીકની અટકાયત

મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમને બાતમી મળી કે યમુનાનગર સોસાયટીના શેરી નં.૬ માં આવેલ નિલેશ નિમાવતના રહેણાંક મકાનમાં વેચાણ કરવાના આશય સાથે વિદેશી દારૂનો જથ્થો ઉતારેલ હોવાની ચોકકસ બાતમીને આધારે પોલીસે બાતમી મુજબના સ્થળે રેઈડ કરતા ઘરમાંથી વિદેશી દારૂ ગ્રીન લેબલ વ્હિસ્કીની શીલપેક ૬ બોટલ મળી આવી હતી. આ સાથે આરોપી નિલેષ હસમુખભાઇ નિમાવત ઉવ-૨૮ની સ્થળ ઉપરથી અટક કરી પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીના ભડીયાદ ગામે તીનપત્તીનો જુગાર રમતી મહિલા સહિત ૫ પકડાયા

મોરબીના ભડીયાદ ગામે તાલુકા પોલીસે બાતમીને આધારે રેઈડ કરતા રામાપીરના ઢોરા ઉપર ગંજીપત્તાના પાના વડે જુગાર રમી રહેલા ગાંડુભાઇ બાજુભાઇ ઈંટોદરા ઉવ.૪૨ રહે.ભડીયાદ રામાપીરના ઢોરા પાસે, સીરાજભાઇ અમીરઅલી પોપટીયા ઉવ-૩૬ રહે.મોરબી-૨ સો-ઓરડી, જશુભાઇ સુજાભાઇ ઈટોંદરા ઉવ.૭૦ રહે.ભડીયાદ રામાપીર ના ઢોરા પાસે, હીતેષભાઇ અતુલભાઇ ત્રીવેદી ઉવ-૨૭ રહે.ભડીયાદ રામાપીરના ઢોરા પાસે તથા યાસ્મીનબેન ઉર્ફે આરતીબેન શૈલેષભાઇ અગેચણીયા ઉવ-૪૫ રહે.મહેન્દ્રનગર લક્ષ્મીફલેટ મોરબીને રોકડા રૂપિયા ૬૭,૫૦૦/-સાથે ઝડપી લેવામાં આવ્યા હતા. આ સાથે તમામ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીના રફાળેશ્વર અને મકનસર ખાતે થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો,વાહન ચોરને ઝડપી લેવાયો



મોરબી તાલુકા વિસ્તારના રફાળેશ્વર તથા મકનસર એમ બે અલગ અલગ સ્થળોએથી થયેલ બાઈક ચોરીનો ભેદ ઉકેલાયો છે. જેમાં વાહન ચોર ઈસમને નંબર પ્લેટ વગરના બાઈક સાથે રફાળેશ્વર નજીક હાઈવે રોડ ખાતેથી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે આરોપી પાસેથી બે નંબર પ્લેટ વગરના બાઈક તથા અન્ય એક બાઈક મળી કુલ ચોરી કરેલ ત્રણ બાઈક કબ્જે લઈ આરોપીને મોરબી તાલુકા પોલીસ મથક ખાતે સોંપવા તજવીજ હાથ ધરી છે. મોરબી પેરોલ ફર્લો સ્કવોડના એએસઆઇ. હિતેંદ્રસિંહ ચુડાસમા તથા એલસીબી શાખાના હેડ.કોન્સ. નિરવભાઇ મકવાણા, કોન્સ વિક્રમભાઇ ફગશીયા તથા વિક્રમભાઇ રાઠોડ સહિત પોલીસ ટીમ મોરબી તાલુકાના રફાળેશ્વર ગામ નજીક પેટ્રોલિંગમાં હોય ત્યારે રોડ ઉપર આવેલ ભુદેવ પાન પાસે એક ઈસમ શંકાસ્પદ હાલતમાં બાઈક સાથે ઉભેલ હોય જેથી તેની પાસે રહેલ બાઈક હીરો સ્પ્લેન્ડર હોય જે નંબર પ્લેટ વગરનું હતું, જેથી તે બાઈકના જરૂરી આધાર પુરાવા માંગતા તેની પાસે નહિ હોવાનું જણાવતા ઈ-ગુજકોપ એપ્પમાં સર્ચ કરતા ઉપરોક્ત બાઈક મોરબી તાલુકા પોલીસ મથકમાં નોંધાયેલ ચોરીની ફરિયાદનું રફાળેશ્વર ગામેથી ચોરી થયેલ હોવાનુ સામે આવ્યું હતું.

# મોરબીમાં ચોરાઉ નાની-મોટી બેટરી સાથે એમપીના શખ્સને દબોચી લેતી ક્રાઈમ બ્રાંચ



મોરબી તાલુકાના જેતપર રોડ પાવડીયાળી નજીક કારખાનામાં પાર્ક કરેલ ટ્રકમાંથી બેટરીની ચોરી કરનાર શખ્સને નાની-મોટી ચાર બેટરીઓ સાથે પકડી લેવામાં આવ્યો હતો. મોરબી ક્રાઇમ બ્રાંચ પોલીસ ટીમને ખાનગીરાહે મળેલ હકીકત આધારે મોરબી જેતપર રોડ પાવડીયાળી કેનાલ પાસે કીશન પ્લસ મીનરલ્સ માટીના કારખાનામાં પાર્ક કરેલ ટ્રકમાંથી રાત્રીના સમયે અલગ અલગ કંપનીની બેટરીઓ ચોરી કરનાર આરોપી પવન કરનસિંગ શંકરલાલ પુરબીયા ઉવ.૨૭ મૂળરહે.માલાખેડી પોસ્ટ અમલાર ટીકરીયા થાના મધ્યપ્રદેશ હાલરહે.ઓરકેન સીરામીક લખધીરપુર રોડ મોરબીને નાની મોટી બેટરીઓ નંગ-૦૪ કી.રૂ. ૬,૦૦૦/- સાથે ઝડપી લેવામાં આવ્યો છે. આ સાથે પકડાયેલા આરોપી સામે તાલુકા પોલીસ મથકમાં ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં દગડૂ શેઠ ગણેશજીને પહેરાવાઈ ૫૫૧ મીટરની પાઘડી: ૧૧૧૧૧ મોદક ધરાવાયા




જામનગરમાં દગડૂ શેઠ ગણેશજીને પહેરાવાઈ ૫૫૧ મીટરની પાઘડી ૧૧૧૧૧ મોદક ધરાયા.વર્લ્ડ રેકોર્ડમાં મળી શકે છે સ્થાન.દર વર્ષે એઈટ વન્ડર્સ સંસ્થા દ્વારા દગડુ શેઠ ગણેશ મહોત્સવનું ભવ્ય અને અનોખું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે માત્ર અનાજમાંથી ઈકો ફ્રેન્ડલી ગણેશજીની મુર્તિ બનાવી તેનું સ્થાપન કરવામાં આવ્યું છે. ગણેશજીની મૂર્તિમાં ભગવાનને ૫૫૧ મીટરની પાઘડી પહેરાવવામાં આવી છે અને આયોજકો દ્વારા આ સિધ્ધિને ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડસ તથા લીમકા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મળે તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે, તદ્દ ઉપરાંત આજે આ મહોત્સવમાં ગણેશજી સન્મુખ ૧૧,૧૧૧ મોદકનો ભોગ ધરવામાં આવ્યો છે.

# જામનગરના હાપામાં ફુડપોઈઝનીંગ થતાં ૧૦૦ જેટલા બાળકો સારવાર હેઠળ



જામનગર શહેરમાં ઉજવાતા ગણેશ મહોત્સવમાં એક દુર્ઘટનાએ ખુશીઓ પર પાણી ફેરવી દીધું છે. હાપા વિસ્તારની એલગન સોસાયટીમાં ગઈકાલે રાત્રે આયોજિત ગણેશ પૂજનમાં વિતરણ કરાયેલી પ્રસાદીના મસાલા ભાત ખાધા બાદ સેંકડો બાળકો ફડ પોઈઝનિંગનો શિકાર બન્યા છે. ગણેશ મહોત્સવમાં પ્રસાદીના ભાત આરોગ્યા બાદ ૧૦૦થી વધુ બાળકોને મોડી રાત્રે શરૂ થયેલી બીમારીના લક્ષણો તરીકે ઝાડા-ઉલટી જોવા મળી હતી. આ બીમારીના કારણે સમગ્ર પરિવારો દોડધામમાં મચી ગયા હતા અને બાળકોને તાત્કાલિક સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા.પીડિયાટ્રિક વોર્ડમાં બાળકોની ભારે ભીડ જામી જતાં બેડની અછત સર્જાઈ હતી. કેટલાક બાળકોને જમીન પર જ સારવાર આપવાની નોબત આવી હતી. આ ઘટનાની જાણ થતાં મોટી સંખ્યામાં લોકો હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે બાળકોના પરિવારજનોને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો અને હોસ્પિટલના તંત્રને યોગ્ય વ્યવસ્થા કરવા માટે જણાવ્યું હતું.આ ઘટનાએ ફડ સેફ્ટી અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. ગણેશ મહોત્સવ જેવા ધાર્મિક કાર્યક્રમોમાં વિતરણ કરાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવવા માટે સત્તાવાળાઓએ કડક પગલાં લેવા જોઈએ.

# ગોંડલમાં ૧૦ દિવસથી સફાઈ કામગીરી બંધ

## શહેરીજનોમાં દેકારો ઠેર ઠેર ગંદકીના ગંજ: એજન્સી-સફાઈ કામદારો વચ્ચે મડાગાંઠથી પ્રજાનો મરો

મુખ્ય સમાચાર,ગોંડલ

રાજાશાહી સમય માં સ્વચ્છતા માં અગ્રીમ ગોંડલ માં છેલ્લા દશ દિવસ થી સફાઈ કામદારો ફરજ પરથી અળગા થતા શહેરભર માં ગંદકી રાજ સરજાયુ છે.બીજી બાજુ નગરપાલિકા તંત્ર હરકતમાં આવી બહાર થી સફાઈ કામદારોને બોલાવી શહેર ચોખ્ખુ રહે તેવા પ્રયત્નો હાથ ધર્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ પાંચ મહીના થી નગરપાલિકા દ્વારા સફાઈ કોન્ટ્રાક્ટ અમદાવાદ ની શ્રીજી એજન્સી ને અપાયો છે.ત્યાર થી શહેર ની સ્વચ્છતા મુદ્દે જાણે માઠી બેઠી હોય તેમ નીતનવી સમસ્યાઓ ઉદભવી રહી છે.સફાઈ કોન્ટ્રાક્ટર ગોંડલ માં સફાઈ મુદ્દે સરેઆમ નિષ્ફળ રહ્યા છે.અધુરા માં પુરુ હોય તેમ છેલ્લા દશ દિવસ થી સફાઈ કામદારો વિવિધ માંગ ને લઈ ફરજ થી અળગા હોય સફાઈ કામગીરી ઠપ્પ થવા પામીછે.સફાઈ કામદારો અને એજન્સી વચ્ચે સર્જાયેલ મડાગાંઠ ને લઈ નગરપાલિકાએ બહાર થી સફાઈ કામદારોની વ્યવસ્થા કરી ડોર ટુ ડોર કલેક્શન ની કામગીરી શરુ કરાવતા આંશિક રાહત ફેલાઈ છે.

સફાઈ કામદારો નાં આગેવાન શંકરભાઈ વાઘેલા તથા ધર્મેશભાઈ વાઘેલા એ જણાવ્યુ કે શ્રીજી એજન્સી દ્વારા કામદારોનું શોષણ કરાઈ રહ્યુ છે.સફાઈ કામદારોએ હડતાલ નથી કરી પણ તેમને ફરજ પર થી છુટ્ટા કરી દેવાયા છે.તેમણે કહ્યુ કે કર્મચારીઓ એ સરકાર નાં ધારાધોરણ મુજબ લઘુતમ વેતન આપવુ ઉપરાંત પીએફ વીમો મળવો સહિત ની માંગ કરી છે.પગાર બેંક દ્વારા મળે તેવી માંગ સાથે સરકાર નાં પરિપત્ર મુજબ કર્મચારીઓ ને કામગીરી ની



ફાળવણી કરવી સહિત રજુઆત કરીછે.આ રજુઆતો સામે સફાઈ કોન્ટ્રાક્ટર દ્વારા જડતા ભર્યુ વલણ દાખવાયુ હોય કામદારો ફરજ થી અળગા બન્યા છે.

સફાઈ કામદારો અને એજન્સી ની લડાઈ માં શહેરભર માં સફાઈ કાર્ય ઠપ્પ થઈ જતા ગંદકી નાં ગંજ ખડકાતા નગરપાલિકા તંત્ર એ પ્રજા ની વહારે દોડી જઈ બહાર થી સફાઈ કામદારોને બોલાવી સફાઈ કામ શરુ કરાવ્યુ છે.સેનીટેશન વિભાગ નાં ચેરમેન નાં પ્રતિનિધિ અનિલભાઈ માધડે કહ્યુ કે ગોધરા અને અમરેલી થી સફાઈ કામદારોને બોલાવી ડોર ટુ ડોર કલેક્શન શરુ કરાયુ છે.બહાર થી વધુ સફાઈ કામદારોને બોલાવી સફાઈ કામગીરી ને વેગ અપાશે.

અલબત ડોર ટુ ડોર કલેક્શન સિવાય કચરો ઉપાડવા ની કામગીરી ઠપ્પ હોય ખાસ કરીને સોસાયટી વિસ્તારો માં લોકો હાલાકી ભોગવી રહ્યા છે.

જેને કારણે સમસ્યા સર્જાઈ છે તે શ્રીજી એજન્સી નાં પ્રકાશ લાખાણી ને અનેકવાર ફોન કરવા છતા ફોન રિસિવ નહી કરી જવાબદારી થી હાથ ખંખેર્યા છે.હાલ નગરપાલિકા તંત્ર સફાઈ અંગે જહેમત લઈ રહ્યુ છે.પણ ખરી જવાબદારી સફાઈ એજન્સી ની બનતી હોય શહેરીજનોમાં કોન્ટ્રાક્ટર પ્રત્યે રોષ ફેલાયો છે.

# જામનગર નવાગામ ઘેડમાંથી ઘોડીપાસાની કલબ ઝડપાઈ

મુખ્ય સમાચાર,જામનગર

જામનગરના નવાગામ ઘેડ વિસ્તારમાં એક મકાનમાં ઘોડીપાસાની મેગા કલબ ચાલી રહી છે એવી ચોકકસ બાતમી એસપી પ્રેમસુખ ડેલુંને મળી હતી તેના આધારે પોલીસે દરોડો પાડીને ૨૬ ખેલીઓને લાખોની રોકડ અને મોબાઈલ મળી કુલ ૧૨.૧૮ લાખના મુદામાલ સાથે ઝડપી લીધાનું જાણવા મળ્યું છે, દરોડાના પગલે ભારે ચકચાર વહેલી સવાર સુધી તપાસનો ધમધમાટ ચાલ્યો હતો.મળતી માહિતી મુજબ જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર ઉઢજઙ જયવીર સિંહ ઝાલા દ્વારા ખાસ એક ટીમની રચના કરવામાં આવી અને એસ.પી પ્રેમસુખ ડેલુંના ચુનીંદા સ્ટાફ દ્વારા વહેલી સવારે એમ્બ્યુલન્સ મારફતે ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા અને તેની ટીમ એમ્બ્યુલન્સમાં બેસીને જયાં જુગારધામ ની કલબ ધમધમતી હતી ત્યાં દરોડો પાડ્યો હતો.. અને પોલીસનો દરોડો પડતા ની સાથે જ શહેરમાં ચકચાર મચી ગઈ હતી અને જુગારની નાની મોટી કલબ તેમજ અસામાજિક તત્વોમાં પણ ફફડાટ મચી ગયો હતો.જામનગરના નવાગામ ઘેડ ભીમવાસના ઢાળીયા ઉતરના સિધ્ધેશ્વર સોસાયટી વિસ્તારમાં રમેશ વાઘેલા નામનો ઈસમના ભોગવટાના મકાનમાં ઘોડીપાસાની કલબ ચાલે છે એવી હકીકતના આધારે મોડી રાત્રીના ઉચ્ચ પોલીસ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમ્યાન ૨૬ ખેલંદાઓ પોલીસની ઝપટમાં આવ્યા હતા. જયારે દરોડા માટે જીલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ, ડીવાયએસપી જપવીરસિંહ ઝાલાના સીધા માર્ગદર્શન હેઠળ ટિમ બનાવી ને સ્ટાફ દ્વારા બાતમીના આધારે ઉપરોકત દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. દરોડાના પગલે વહેલી સવારે સીટી-બી ડીવીઝન ખાતે ધમધમાટ જોવા મળ્યો હતો જુગારની મેગા કલબ પકડાતા શહેરમાં ભારે ચકચાર મચી જવા પામી છે. જુગાર કલબમાંથી ૨૬ ખેલીઓ ઝડપાયા હતા અને એક આરોપી ફરાર થયો હતો.સચીન વલ્લભભાઈ માડમ.અનીલભાઈ હરીશભાઈ મંગે,સુનીલભાઈ સુરેશભાઈ મારૂ.ફારુકભાઈ હુસેનભાઈ ઓડીયા,અલ્તાફ સતારભાઈ



આંબલીયા, રમેશભાઈ, પરેશભાઈ ઈશ્વરભાઈ મારૂ , ભાવેશકુમાર મહેશભાઈ હરવાણી ,રમેશભાઈ ગોવીંદભાઈ મંગે સીંધીભાનુશાળી,તેજસિંહ કુવરસિંહ રાજબાર દરબાર, તોફીક અબ્દુલભાઈ કાદરી , જયમીન મુકેશભાઈ નરેલા, પ્રકાશભાઈ વલ્લભભાઈ ગોંડલીયા, લાખાભાઈ દલુભાઈ ધરાણી, મયુર કરસનભાઈ ભાટીયા આહીર, લાલજીભાઈ રામજીભાઈ પરમાર ,રાહુલ ભરતભાઈ કનખરા,સેવક શ્યામજીભાઈ મકવાણા, વિમલભાઈ કીશોરભાઈ નંદા,અજય લક્ષ્મણભાઈ પરમાર, સાજીદ વલીમામદ ગોધાવીયા, ઈકબાલ શાહ ઉમરશાહ ફકીર શાહમદાર, સતીષ હરીશભાઈ મંગે,ભાવેશભાઈ અરશીભાઈ ગોજીયા , આસીફ યુસુફભાઈ ફુલવાલા. ધંધો વેપાર રહે લીંડી બજાર ગફાર જુલાની શેરીમા જામનગર, હસમુખભાઈ મનહરભાઈ પરમાર અને ફરારી આરોપી- રમેશ ઉર્ફે પ્રમુખ મુળજીભાઈ વાઘેલાના રહે. નવાગામઘેડ ભીમવાસ ઢાળીયા પાસે જામનગર. ફરાળી જાહેર કરેલ છે અને પોલીસે જુગાર ધારા કલમ ચાર પાંચ મુજબ ફરિયાદ દાખલ કરી પોલીસ દ્વારા આગળની તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

# સૌ.યુની.ના મેદાનોની ખાનગી એકેડેમીઓને મફતમા લ્હાણી કોણે કરી ?

## સૌ.યુની. સ્પોર્ટ્સ બાબતે વિદ્યાર્થીઓને સુવિધાઓ આપવામા સંપૂર્ણ નિષ્ફળ: કોંગ્રેસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

એક તરફ રાજ્ય સરકાર રમશે ગુજરાત,જીતશે ગુજરાતજેવા સ્લોગનો સાથે ૨૦૩૬મા ગુજરાતમા રમાનાર ઓલિમ્પિકમા આપણા રાજ્યના રમતવીરો વધુમા વધુ ભાગ લઈ શકે મોટા મોટા પ્રોજક્ટો,યોજનાઓ થકી પ્રોત્સાહન આપી રહી છે ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કેમ્પસમા આવેલુ સ્પોર્ટ્સના મેદાનો,ઈન્ડોર સંકુલ,અલગ અલગ ગેમ્સની કોર્ટો,સ્વિમિંગ પુલ વેરાન હાલતમા છે.કરોડોના ખર્ચે તૈયાર થયેલ આ તમામ સ્પોર્ટ્સ સંકુલોના મેઈન્ટેન્સ અને સાફસફાઈ અર્થે લાખોનો ખર્ચ કરે છે છતા છેલ્લા ઘણા સમયથી સાફસફાઈ જ ના થતી હોવાનુ સામે આવે છે.રમતવીરોને યુનિવર્સિટી બીજુ કઈ પ્રોત્સાહન આપી ના શકે તો ઠીક છે પણ પ્રાથમિક સુવિધાઓ કે જે તે ગ્રાઉંડ કે સંકુલોની સાફ સફાઈ,પીવાનુ પાણી,વોશરૂમ, ક્લોથ્સ ચેન્જિંગ રૂમ જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામા યુનિવર્સિટીનો શારીરિક શિક્ષણ વિભાગ સક્ષમ ના હોય તો આમા યુનિવર્સિટીના રમતવીરો કઈ રીતે રાજ્યકક્ષાએ કે દેશકક્ષાએ આપણી યુનિવર્સિટીનુ નામ રોશન કરશે ?

બીજી એક ગંભિર બાબત અમારા ધ્યાન પર આવી છે કે આપણી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ નક્કી કરેલ નીતિનિયમો મુજબ રમતગમતના મેદાનો કોઈ બહારની એકેડેમી,સંસ્થા કે વ્યક્તિએ ઉપયોગ કરવા માટે જે તે ફી નિયત કરવામા આવી છે પરંતુ હાલ અનેક ખાનગી એકેડેમીઓ જેવી કે બેડમિન્ટન,આર્ચરી ગેમની અને સ્પર્ધાત્મક પરીક્ષાઓના ગ્રાઉંડ કરાવતી સંસ્થાઓ આ રમતગમતના મેદાનો-સંકુલોનો ભરપૂર માત્રામા છેલ્લા અનેક સમયથી મફતમા ઉપયોગ કરી રહ્યા છે.નવાઈની બાબત એ છે જે તે ખાનગી કોચો સંચાલિત એકેડીમીઓ પ્રેક્ટિસ અર્થે આવતા વિદ્યાર્થીઓ પાસે તો મસ્તમોટી ફી લે જ છે ! તો પ્રશ્ન એ ઉદ્દભવે છે કે આ તમામ એકેડેમીઓ કે કોચોને આપણી યુનિવર્સિટીના ગ્રાઉન્ડો કે સંકુલોનો નિયમોની વિરુદ્ધ જઈ મફતમા ઉપયોગ કરવાની પરવાનગી કોણે આપી હતી ? આપણી યુનિવર્સિટીના કે તેમને સલગ્ન કોલેજોના વિદ્યાર્થીઓને આ ખાનગી એકેડીમીઓથી ૧% નો પણ ફાયદો નથી તો શા માટે સત્તાધિશો આંખ આડા કાન કરી રહ્યા છે ? આ બાબતે નિપક્ષ તપાસ કરી શારીરિક શિક્ષણ વિભાગના નિયામક સહિત જે જે જવાબદારો છે તેઓ ઉપર કડક કાર્યાવહી કરવામા આવે તેવી વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે માંગ કરી છે.વધુમા કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ઈન્ટરનેશનલ સ્વિમિંગ પૂલ જે ૯ કરોડના ખર્ચે તૈયાર કરવામા આવ્યો હતો તે ગંદકીના કારણે ખદબદતો હોવાથી બંધ હાલતમા છે અને આ પુલનો મેઈન્ટેન્સ કોન્ટ્રાક્ટ પણ રદ કરી દેવાના કારણે આંતર કોલેજ સ્વિમિંગ અને ડાઈવિંગ સ્પર્ધા મોકુફ રાખવામા આવી છે.

સ્વિમિંગના કોચે કોઈ કારણોસર રાજીનામુ આપી દીધુ છે ત્યારે હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પાસે ૨ આંતરાષ્ટ્રીય કક્ષાના સહિત ૧૬ ખેલકૂદના મેદાનો છે પણ કોચ માત્ર ૨ રમતના જ છે ! હોકીનુ આંતરાષ્ટ્રીય કક્ષાનુ મેદાન કોચના અભાવે ૨૦૧૯થી બંધ હાલતમા છે ત્યારે રમતવીરો માટે પડ્યા પર પાટુ જેવી સ્થિતિ ઉદ્ભવી છે કારણ કે એક તરફ યુનિવર્સિટી તરફથી મેદાનો પર પ્રેક્ટિસ માટે જે પ્રાથમિક સુવિધાઓ મળવી જોઈએ તે મળતી નથી અને તેઓને માર્ગદર્શક અર્થે સારા કોચની જરૂરિયાત હોય તે પણ નથી.

ઉપરોક્ત તમામ રમતગમત ક્ષેત્રની ગંભીર બાબતો જેવી કે કાયમી કોચોની નિમણુંક,ગ્રાઉંડો પર સાફ-સફાઈ અને મેઈન્ટેનેન્સ, પ્રાથમિક સુવિધાઓ આપવી,રમતવીરોને સ્પોર્ટ્સવેર આપવા અને નેશનલ કક્ષાએ રમવા જતી ટીમોને સગવડતાઓ સુનિશ્ચિત કરવામાં આવશે તો જ રમતવીરો પોતાના કૌશલ્ય થકી યુનિવર્સિટીનુ અને રાજ્યનુ નામ રોશન કરશે. કોંગ્રેસના ઝોનલ પ્રવક્તા અને વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે કુલપતિને રજુઆતમા જણાવ્યુ હતુ કે ખાનગી એકેડેમીઓને યુનિવર્સિટીના ગ્રાઉન્ડો મફતમા ઉપયોગ કરવા આપવા બાબતે જવાબદાર ઈન્ચાર્જ શા.શિ.નિયામક સહિત જવાબદારો સામે કાર્યાવહી કરવામા નહી આવે તેમજ રમતવીરો માટે મેદાનોમા પ્રાથમિક સુવિધાઓ-સાફસફાઈ તેમજ સ્વીમીંગ પુલો તાકીદે શરૂ કરવામા નહી આવે તો અમારી ટીમ દ્વારા આવનાર સમયમા ઉગ્ર આંદોલન કરવામા તેવી ચીમ્મકી પણ વિદ્યાર્થીનેતાએ ઉચ્ચારી હતી.






# જયમીન ઠાકરના ૧ વર્ષના કાર્યકાળમાં દરરોજ થયા ૩.૫૩ કરોડના કામો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારના અવિરત સહયોગ અને માર્ગદર્શન સાથે રાજકોટ શહેરનો ખુબ જ ઝડપી અને સર્વાંગી વિકાસ થઈ રહયો છે. જયમીનભાઈ ઠાકરનો સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન તરીકે તા.૧૨/૦૯/૨૦૨૩ થી શરૂ થયેલ એક વર્ષનો કાર્યકાળ યશસ્વી રીતે પૂર્ણ થયેલ છે, જેમાં એક વર્ષમાં અભૂતપૂર્વ ₹૧૨૮૮ કરોડના વિકાસ કામો સહિત પ્રાથમિક સુવિધાના કામો મંજુર કરવામાં આવ્યા છે. આ અંગે માહિતી આપતા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર એ જણાવ્યું છે કે ગત એક વર્ષ દરમ્યાન રાજકોટના શહેરીજનોના વિશાળ હિતમાં જયમીન ઠાકરની અધ્યક્ષતામાં સ્ટેન્ડિંગ કમિટી દ્વારા ખૂબજ મહત્વના નિર્ણયો કરવામાં આવેલ છે, અનેક મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવેલ છે તેમજ અનેકવિધ લોકોપયોગી યોજનાઓ અમલી બનાવવામાં આવેલ છે.

રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમાં ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અંતર્ગત બજેટમા મંજુર કરવામા આવેલ અને જે અંતર્ગત ચેરમેન, સ્ટે. કમિટી, રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વયસ્ક નાગરીકો(સીનીયર સીટીઝન), દિવ્યાંગો, થેલેસેમિયા તથા જુવેનાઈલ ડાયાબીટીક નાગરીકોને રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમા પુસ્તકનુ સભ્યપદ ફ્રી(મફત) આપવાની જાહેરાત કરવામાં આવેલ હોય, જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત લાઈબ્રેરીઓમાં સીનીયર સીટીઝન, દિવ્યાંગો, થેલેસેમીયાગ્રસ્ત, જુવેનાઈલ ડાયાબીટીસગ્રસ્તને લાઈબ્રેરીમાં પુસ્તકનુ સભ્યપદ ફ્રીમાં આપવાની યોજનાનું અમલીકરણ તાત્કાલિક ધોરણે શરૂ કરાવવા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકરે સબંધીત અધિકારીઓને આ મીટીંગમાં સમીક્ષા કરી જરૂરી સુચના આપી યોજનાનું ત્વરિત અમલીકરણ કરાવેલ. આમ, વધુ ને વધુ લોકો સારા વાંચન તરફ પ્રોત્સાહિત થાય અને ગુણવત્તાસભર સમય વ્યતિત કરે તેવા શુભ આશયથી વરિષ્ઠ નાગરિકો તેમજ દિવ્યાંગો પ્રત્યેનું સામાજીક ઉત્તરદાયિત્વ અદા કરતી લોકભોગ્ય યોજના અમલી બનાવેલ છે.



ઉપરાંત, આ યોજનામાં આપેલ છૂટછાટોમાં સિનીયર સીટીઝન માટે રજુ કરવાના દસ્તાવેજી પુરાવામાં છૂટછાટ, ઉપરાંત 'આજીવન ફ્રી મુસાફરી પાસ' અમલી બનાવી, આ યોજનાની અમલવારી માટેની વહિવટી પ્રક્રિયાને વધુ સરળ અને વધુ લોકભોગ્ય બનાવેલ છે.રાજ્ય સરકારશ્રીના હાલના ઠરાવ મુજબના ધોરણોમાં પણ વધુ છુટ-છાટ સહિતનું અમલીકરણ શરૂ કરાવતા, ઉક્ત ૨૧ કેટેગરી પૈકીની વિશિષ્ટ ૧૪ કેટેગરીમાં સમાવેશ થયેલ દિવ્યાંગોને ફ્રી મુસાફરી ઉપરાંત મુસાફરી દરમ્યાન તેમની સાથે રહેનાર એક સહાયક(એટેન્ડન્ટ)ને પણ બસમાં ફ્રી મુસાફરીનો લાભ મળવાપાત્ર થાય, તે માટે સબંધકર્તા વિભાગના અધિકારીઓને જરૂરી સુચના આપી તાકિદે અમલીકરણ શરૂ કરાવેલ છે, જેમાં વિવિધ ૧૪ કેટેગરીનો સમાવેશ થાય છે.

# રાજકોટ જિલ્લામાં ૫૦૬ ગામોમાં ખેતીના પાકને નુકશાન

## ૧૦૮ ગામમાં સર્વે પૂરો : ૬૪૮૫ હેક્ટર જમીન – પાકની ૩૩ ટકાથી વધુ નુકશાની બહાર આવી : ૫૭ ટીમો દ્વારા કામગીરી : જસદણ – વિંછીયામાં નુકશાન નથી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તાજેતરના ભારે વરસાદ - પૂરને કારણે રાજકોટ જિલ્લામાં ખેતીની જમીન અને પાકને ભારે નુકસાન થયું છે. આ પછી ગયા અઠવાડિયે સર્વે શરૂ થયો છે.

આ અંગે માહિતી આપતા કલેકટરે જણાવ્યું હતું કે, હાલ પાક નુકસાનીનો સર્વે ચાલી રહ્યો છે, કુલ ૫૦૬ ગામોમાં ખેતીના પાકને નુકસાન થયું છે, ૧૦૮ ગામોમાં સર્વે પૂરો થયો છે, હાલ ૫૭ ટીમો કામ કરી રહી છે.



કલેકટરે જણાવ્યું કે, જે ૧૦૮ ગામોમાં સર્વે પૂરો થયો તેમાં ૬૪૮૫ હેકટર જમીન એવી છે કે જેમાં ખેતીની જમીન અને પાકને ૩૩ ટકાથી વધુ નુકશાની થઈ છે, આ ખેડૂતોને સહાય મળશે.

શ્રી પ્રભવ જોશીએ ઉમેર્યું હતું કે, જસદણ - વિંછીયા પંથકમાં નુકશાની ન હોય તે વિસ્તાર આમા લેવાયા નથી, બાકી ઉપલેટા, જામકંડોરણા સહિત તમામ તાલુકામાં સર્વે ચાલુ છે, ખાસ કરીને કપાસ, મરચા, તુવેરના પાકને ભારે નુકસાન છે, જે સર્વે પૂરો થયો તેના પ્રાથમિક અંદાજ મુજબ ૫ાા કરોડનું નુકસાન છે, ૨ થી ૩ દિવસમાં સર્વે પૂર્ણ કરી લેવાશે અને બાદમાં સરકારને રીપોર્ટ કરી દેવાશે.

**સ્વચ્છતા હી સેવા**

કલેકટરે જણાવેલ કે, રાજકોટ સહિત રાજ્યભરમાં સ્વચ્છતા હિ સેવા અભિયાન તા. ૧૪મીથી શરૂ થશે, જે ૩૧ ઓકટોબર સુધી ચાલશે.

આ દરમિયાન તમામ જાહેર સ્થળે, આઈકોનિક વિસ્તારો, પ્રવાસન સ્થળો, ધાર્મિક ક્ષેત્રો, તમામ ગામ, નગરપાલિકા વિસ્તારોમાં જનજાગૃતિ અને જનભાગીદારીથી સ્વચ્છતા અભિયાન ચલાવાશે, સફાઈ કર્મચારીઓને વિવિધ યોજનામાં મળતા લાભ - તેની સ્કીમો ઉજાગર કરાશે, સેનીટેશન - સેફટી અંગે તાલીમ અપાશે, આ અભિયાનમાં જિલ્લાના તમામ નાગરિકો, રાજકીય નેતાઓ, સામાજીક - ધાર્મિક આગેવાનો જોડાશે.

જન્માષ્ટમીના તહેવારો દરમિયાન ૩૨ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકી પડતા તેનાથી જનજીવન પ્રભાવીત બનવાની સાથોસાથ મોટી નુકશાન થવા પામેલ હતું જેમાં માનવ મૃત્યુ અને પશુ મૃત્યુના કિસ્સામાં તેમજ જેઓની ઘરવખરી તણાઈ જવા પામી હતી તેવા તમામ અસરગ્રસ્તોને સહાયની ચૂકવણી કરી દેવાયેલ છે જે બાદ હવે પાક નુકશાનીનો અંદાજ કાઢવા વહીવટી તંત્ર દ્વારા તાકીદના ધોરણે કામગીરી ચાલી રહી છે.

# ગોંડલના માર્કેટ યાર્ડમા પહોંચેલું ચાઈનીઝ લસણ મુંબઈથી આવ્યું હતું :ઉપલેટાના વેપારીની કબૂલાત

■ **વિશેષ પૃથક્કરણ માટે લસણ એફએસએલમાં મોકલાયું**

**મુખ્ય સમાચાર,ગોંડલ**

ગોંડલ માર્કેટ યાર્ડ માં પાંચ દિવસ પહેલા ચાઈના નું પ્રતિબંધિત લસણ મળી આવ્યા બાદ પોલીસે તપાસ હાથ ધરી લસણ નું સેમ્પલ એફએસએલ માં મોકલી આપ્યુ છે.ચાઈના નુ લસણ ગોંડલ માર્કેટ યાર્ડ માં મળી આવ્યા ની ઘટના નાં દેશભર માં ઘેરા પ્રત્યાઘાત પડ્યા હતા.દેશભર નાં યાર્ડ માં વેપારીઓ હરરાજી બંધ રાખી વિરોધ દર્શાવ્યો હતો.ગોંડલ યાર્ડ માં પાંચ દિવસ પહેલા લસણ ની આવક સાથે રુ.૧.૮૦ લાખ ની કિંમત નુ ચાઈના નુ લસણ ઘુસી આવ્યુ હોય યાર્ડ નાં કર્મચારીનું ધ્યાન જતા તેણે ચેરમેન ને જાણ કરતા પ્રતિબંધિત એવા ચાઈના નાં લસણ અંગે ભાંડાફોડ થવા પામ્યો હતો.



દરમિયાન લસણ અંગે યાર્ડ ની વેપારી પેઢી અમુલ એન્ટરપ્રાઈઝ નાં પ્રફુલભાઈ ચનિયારા એ ૫બી ડિવિઝન પોલીસ ને જાણ કરાતા પીઆઈ જે.પી.ગોસાઈ, રાઈટર અલ્પેશભાઈ સહિત દોડી આવી ચાઈના નાં લસણ નો જથ્થો મોકલનારા ઉપલેટા નાં અરતાફ ઉર્ફે અલ્તાફ ભાઈ સામે જાણવા જોગ ફરિયાદ લઈ તેની પુછપરછ કરતા લસણ મુંબઈ નાં વાસી થી તેના મિત્ર અફઝલભાઈ એ મોકલાવ્યાં નું જણાવતા પોલીસે મુંબઈ તપાસ નો દૌર લંબાવ્યો છે.પોલીસ સુત્રો અનુસાર ઉપલેટા યાર્ડ માં અલ્તાફભાઈ લસણ, જીરુ સહિત ની જણસીઓ નો વેપાર કરેછે.ગોંડલ યાર્ડ માં તેમની જણસીઓ વેંચાવા આવેછે.મુંબઈ નાં વાસી નાં અફઝલભાઈ પાસે થી અલગઅલગ જણસીઓ તેવો મંગાવતા હોય લસણ મંગાવ્યું હોય લસણ નાં જથ્થા માં ચાઈનાનું લસણ આવ્યાનું પુછપરછ માં અલ્તાફભાઈએ જણાવ્યુ હતુ.પોલીસે ચાઈના નાં લસણ નું સેમ્પલ એફએસએલ ને મોકલી બાકીનાં જથ્થા ને સીલ કર્યુ છે.એફએસએલ પરીક્ષણ માં લસણ ચાઈના નું હોવાનું બહાર આવશે તો ગુન્હો નોંધી કાર્યવાહી કરાશે તેવું પીઆઈ ગોસાઈ એ જણાવ્યું હતુ.ચાઈના નાં લસણ પર ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૬ માં દેશભર માં પ્રતિબંધ મુકાયો છે.આ અંગે યાર્ડ નાં ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યુ કે ચાઈના નાં લસણ માં એક જાતનું ફંગસ થતુ હોય અને વાયરસ ફેલાતો હોય તેના પર પ્રતિબંધ મુકાયો હતો.બીજુ દેશી લસણ થી પ્રમાણ માં સસ્તુ હોય સ્થાનિક ખેડુતો ને નુકશાન થતુ હોય તેનો વિરોધ કરાયો હતો.

# સનાતની હિન્દુઓ પથ્થર નો જવાબ પિસ્તોલ થી આપી શકવા સક્ષમ છેઃ તુષીત પાણેરી

દેવાહી દેવ મહાદેવ ભોળાનાથ ની ભક્તિ નો પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થતાં જ વિઘ્નહર્તા ગણપતિ બાપ્પા ની ગણેશ ચતુર્થી ની આસ્થા સભર ઉજવણી ગુજરાત મા સર્વત્ર થઈ રહી છે , ભક્તો પોતાના ઘરે , સોસાયટી મા , જાહેર સ્થળોએ ગણપતિ બાપા નું સ્થાપન કરીને તેમની સેવા પૂજા અને ભક્તિ કરી બાપ્પા ના સ્વયં સાક્ષાત્કાર ની અનુભૂતિ કરી રહ્યા છે . .

ત્યારે સુરત શહેર મા આવેલ સૈયદપુરા વિસ્તાર ના ગણેશ પંડાલ મા અમુક ચોક્કસ તત્વો એ પથ્થરમારો કરી હિન્દુઓ ની ધાર્મિક આસ્થા ને ઠેસ પહોંચાડી છે , ગણેશ પંડાલ ના આયોજક યુવકો એ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે અમુક ચોક્કસ તત્વો રિક્ષા મા બેસીને આવ્યા , પંડાલ પર પથ્થરમારો કર્યો અને ભાગવા લાગ્યા. ગુજરાત મા શ્રી રામ નવમી ના દિવસે નીકળતી શોભા યાત્રા મા પણ પથ્થરમારા ની ઘટના બની છે ત્યારે વારંવાર સનાતની હિન્દુઓ ના ધાર્મિક તહેવારો ને જ ચોક્કસ તત્વો દ્વારા ટાર્ગેટ બનાવાય છે . . આવા ચોક્કસ તત્વો સનાતની હિન્દુઓ ની ધાર્મિક આસ્થા ને વારંવાર ઠેસ પહોચાડયા બાદ હિન્દુઓ એ ન્યાય માટે આજીજી કરવાની ??? આવા ચોક્કસ તત્વો ને ખુલ્લી ચેતવણી આપતા તુષીત પાણેરીએ જણાવ્યું હતું કે દરેક સનાતની હિન્દુ તા : ૦૮ સપ્ટેમ્બર ના પથ્થર નો જવાબ ૧૬ સપ્ટેમ્બર ના રોજ પિસ્તોલ થી આપવા સક્ષમ છે જ પરંતુ અમારે એ હદ સુધી જવું નથી , અન્ય કોઈ ધર્મ ના તહેવારો મા વિક્ષેપ પાડી ધાર્મિક અરાજકતા ફેલાવવી એ સનાતની હિન્દુઓ ના સંસ્કાર નથી , માટે આટલે થી જ અટકી જાઓ તો સારું. .

# કાગવડના ખોડલધામ મંદિરે ગણેશ મહોત્સવમાં ૫૬ ભોગ અન્નકૂટ દર્શન

■ **ભક્તો માતાજીની સાથે ગણેશજીનાં દર્શન કરવા ઊમટ્યા**

**મુખ્ય સમાચાર,રાજકોટ**

માઁ ખોડલનો જ્યાં સાક્ષાત વાસ છે એવું રાજકોટ જિલ્લાના કાગવડ ગામે આવેલું ખોડલધામ મંદિર દેશ - વિદેશમાં જાણીતું બની ગયું છે. ખોડલધામની ભક્તિની સુવાસ ચારેકોર ફેલાઈ ચૂકી છે. ધર્મ સ્થાનની સાથે સાથે ખોડલધામ સૌરાષ્ટ્રનું પ્રવાસન ધામ પણ બની ગયું છે. ખોડલધામ મંદિરે દરરોજ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડે છે. ત્યારે શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશ સ્થાપના કરવામાં આવી છે. ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા વિશાળ પંડાલ બનાવી તેમાં ૫ ફૂટની



ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જેમાં રજવાડી સાડી અને અલગ અલગ તોરણોથી ગણેશ પંડાલને શણગારવામાં આવ્યો છે.

ઠેર ઠેર ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે શ્રી ખોડલધામ મંદિરના કેમ્પસમાં શ્રી ખોડલધામ મંદિર સ્ટાફ દ્વારા ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં રોજ સવાર - સાંજ સ્ટાફ દ્વારા આરતી કરવામાં આવે છે. આજે ૧૧ સપ્ટેમ્બરના રોજ ગણેશજીને ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો છે. માઁ ખોડલના દર્શન સાથે ભક્તો ગણેશજીના દર્શન કરવા આવી રહ્યા છે.

# મશીન ટુલ્સ મેન્યુફેકચરર્સ એસોસીએશન – રાજકોટ દ્વારા મશીન ટુલ્સ એક્ઝીબીશન યોજાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિશ્વ આખું જ્યારે મેક ઈન ઈન્ડીયા અને મેડ ઈન ઈન્ડીયા ના રંગે રંગાયું છે ત્યારે દુનિયાના દરેક દેશ ભારત તરફ એક અનોખી આશાની નજરથી જુએ છે., તેવા સમયમાં રાજકોટના દક્યહ ગ્રાઉન્ડ ખાતે તારીખ ૨૫ થી ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪ દરમ્યાન 9th Rajkot Machine Tools Show 2024 નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મેટલ કટીંગ, ફોમિંગ, ઓટોમેશન, ફોર્જીગ અને ફાઉન્ડી જેવા અનેક વિભાગોનું પ્રદર્શન લોકાર્પણનું કેન્દ્ર બને છે. છેલ્લા ઘણા વર્ષોથી Rajkot Machine Tools Show 2024 જન-માનસમાં અનોખું સ્થાન દ્રરાવે છે જેને લોકો નો અપ્રતિમ પ્રતિસાદ મળતો રહ્યો છે.

આ તકે સહર્ષ જણાવતા આનંદ થાય છે કે 9th Rajkot Machine Tools Show 2024 એકઝીબીશન ગુજરાતનું બીજા નંબરનું અને ભારતનું ત્રીજા નંબરનું મોટુ એકઝીબીશન તથા ઓપન ગ્રાઉન્ડમાં સૌથી મોટુ એકઝીબીશન છે.

આ પ્રદર્શન કુલ ૧,૦૦,૦૦૦ ચો.મી. એરીયામાં થનાર હોય જેમાં ભારત તથા યુ.એસ.એ. જર્મની, નેધરલેન્ડ, સ્વીઝરલેન્ડ, સાઉથ આફ્રિકા, યુ.કે., તુર્કી, સ્પેન, તાઈવાન, ચાઈના, જાપાન, કોરીયા, ઈટાલી, યુ.એ.ઈ., થાઈલેન્ડ અને સિંગાપોર જેવા અલગ અલગ દેશોની ૩૫૦ થી વધુ કંપની આ પ્રદર્શનમાં ભાગ લઈ રહેલ છે. આ પ્રદર્શનની મુલાકાતે અંદાજે ૧,૦૦,૦૦૦થી વધારે મુલાકાતીઓ આવે તેવી અપેક્ષા છે. વિશ્વ સ્તરીય વ્યાપાર કરવા માટે અને ખુબજ તેજીથી બદલાતી તેમજ અત્યંત આધુનિક ટેકનોલોજી અને પ્રોડકટસને જાણવા અને માણવાની સુવર્ણ તક આ 9th Rajkot Machine Tools Show 2024 માં આપ સૌને આવકારવા તત્પર છે.

આ સમગ્ર એકઝીબીશન માટે Machine Tools Manufacturers' Association-





Rajkot ના હોદેદારો યોગીનભાઈ છનીયારા (પ્રમુખ), હરેશભાઈ પટેલ (ઉપ-પ્રમુખ), તેજસ દુદકીયા (સેક્રેટરી), દેવલભાઈ ઘોરેચા (જે સેક્રેટરી), કનકસિંહ ગોહિલ (ખજાનચી) તથા એસોસીએશનના ડાયરેકટર સચીનભાઈ નગેવાડીયા, બ્રીજેશભાઈ સાપરીયા, કરણભાઈ પરમાર, ગોહિલ (ખજાનચી) તથા એસોસીએશનના ડાયરેકટરો પીયુષભાઈ ડોડીયા, અશ્વિનભાઈ કવા, કેતનભાઈ ગજેરા, બીપીનભાઈ સિધ્ધપુરા, ઘનશ્યામભાઈ પરમાર, હરેશભાઈ ડોડીયા, રવિભાઈ મારૂ અને KD Comunication Ltd. Ahmedabad ને કમલેશભાઈ ગોહીલ, અમભાઈ મિસ્ત્રી તથા તેમની ટીમ જહેમત ઉઠાવી રહયા છે.

# સરગમ કલબના સરગમી અને સેવાના સારથી પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાનો આજે જન્મદિવસ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

સુપ્રસિધ્ધ સરગમ કલબના સુપ્રીમો શ્રી ગુણવંતભાઈ ડેલાવાળાનો આજે જન્મદિવસ છે. તેમણે પોતાની જાતને સેવામૂર્તિ તરીકે કંડારી છે. ૧૯૫૪ ના વર્ષની તા. ૧૩ સપ્ટેમ્બરે તેમનો જન્મ થયેલ. આજે જીવનના ૭૧માં વર્ષના વહાલથી વધામણા કર્યા છે.



સરગમ કલબ ૧૬ હજારથી વધુ સભ્યો ધરાવતી ઘેઘુર વૃક્ષ જેવી સેવાકીય સંસ્થા છે. તેના દ્વારા ૫૧ પ્રકલ્પોથી સમાજ સેવા થઈ રહી છે. હેમુ ગઢવી હોલ, ઈવનિંગ પોસ્ટ, ઈન્ડોર સ્ટેડીયમ, મુકિતધામ, આરોગ્ય કેન્દ્ર વગેરેનું સંચાલન નમૂનારૂપ છે. બાળકોથી માંડી વૃધ્ધો સુધીના લોકો માટે વિવિધ પ્રવૃતિઓ કરે છે. તેમની પરમાર્થની વૃત્તિ છે એટલે અઢળક પ્રવૃતિ છે. બાળપણથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના રંગે રંગાયેલા છે. જનસંઘ-ભાજપ સાથે તેમનો ૫૮ વર્ષનો અતૂટ નાતો છે. ભૂતકાળમાં રૂડાના ચેરમેન તરીકે નરૂડાથ કામથી ચાહના મેળવી હતી. ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશનના ડીરેકટર તેમજ કેન્દ્ર સરકારના કાપડ મંત્રાલય સંલગ્ન નિગમમાં ડીરેકટર તરીકે રહી ચૂકયા છે. વૈષ્ણવ સમાજમાં મોખરાનું સ્થાન ધરાવે છે. વિજય કોમર્શીયલ બેંકમાં ડીરેકટર, ફુટબોલ એસો. માં ઉપપ્રમુખ ઉપરાંત કંસારા સમાજ સહિત શ્રેણીબધ્ધ સંસ્થાઓમાં તેમનું અનેરુ યોગદાન છે. મુંબઈની પ્રેમકલા એકેડમી દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમના સબંધો દરિયા પારના દેશો સુધી વિકસેલા છે.ગુણુભાઈને અનુભવે સમજાવયુ છે કે કોઈકને સારુ કહેવામાં મજા છે. કોઈકને સાચુ કહેવામાં મજા છે. કહ્યા વગર સમજી જાય એના સંપર્કમાં રહેવાની અલગ જ મજા છે. મો. ૯૮૨૪૦ ૪૦૮૮૯૨.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ૯૦ કરોડના કૌભાંડની ભાજપના આગેવાનો સામેની એફ.આઈ.આર. રદ કરતી હાઈકોર્ટ

## શહેર યુવા ભાજપના મહામંત્રી મિલન લીંબાસીયા અને કેયુર કેરાડીયાએ વિવિધ કંપનીઓના નામે કૌભાંડ આચર્યુ હોવા અંગે ફરીયાદ થયેલ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેર યુવા ભાજપના મહામંત્રી મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયાને ભાગીદાર બનાવવા માટે ૯૦ કરોડના કથિત કૌભાંડમાં તેમની સામેની એફ.આઈ.આર.ગુજરાત હાઈકોર્ટ રદ કરી હતી.

શહેરના ઉપલા કાંઠે આવેલી એમ.એસ.કે. જવેલર્સ, ક્રિષ્ના સીલ્વર, ક્રિષ્ના સીલ્વર, ક્રિષ્ના ઓર્નામેન્ટસ, આર.એમ.પી. સીલ્વર જેવી વિવિધ કંપનીઓના નામે કથીત કૌભાંડ આચર્યુ હોવાની ફરીયાદના કામે આરોપીઓ મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયા એ ગુજરાત હાઈકોર્ટમાં કવોશીંગ પીટીશન દાખલ કરેલ હતી. આ કેસની વિગત એવી છે કે, ફરીયાદી વિનોદભાઈ પરસોતમભાઈ ખોયાણી, રહે. શ્રેયશ સોસાયટી, શેરી નં.૨, રેસકોર્ષ રીંગ રોડ, રાજકોટ વાળાએ રાજકોટના બી-ડીવી. પોલીસ સ્ટેશનમા આરોપી (૧) મીલન અરવિંદભાઈ લીંબાસીયા, (૨) કેયુર કિશોરભાઈ કેરાડીયા, (૩) મોહીત મહેશભાઈ લીંબાસીયા, (૪) મહેશ મેઘજીભાઈ કેરાડીયા, (૫) કિશોર મેઘજીભાઈ કેરાડીયા, (૬) શૈલેષ મેઘજીભાઈ કેરાડિયા સામે આઈ.પી.સી. કલમ-૪૦૬, ૪૨૦, ૩૪ મુજબની ગુનાની ફરીયાદ નોંધાવેલ હતી. ફરીયાદીએ ફરીયાદમા જણાવેલ હતુ કે, આરોપીઓએ મે. ક્રિષ્ના સીલ્વર ઓર્નામેન્ટ નામની પેઢીના ભાગીદારો હોય અને આરોપી તથા ફરીયાદી એક બીજાને સંબંધી થતા હોય આરોપીઓએ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા માટે એકસંપ કરી ફરીયાદીને પોતાની ચાંદીની એમ.એસ.કે. નામની કંપનીમાં ભાગીદાર બનાવવાની લાલચ આપી ફરીયાદી પાસેથી અલગ અલગ સમયે ફરીયાદીની મરણમુડી કુલ રૂા.૫૦,૦૦,૦૦૦/- અંકે રૂપીયા પચ્ચાસ લાખ ધંધાના નામે વિશ્વાસમા લઈ રોકડા તથા બેન્ક મારફતે મેળવી અને ફરીયાદીને પૈસાની જરૂરીયાત ઉભી થતા આરોપીઓ પાસેથી રૂપીયા પરત માંગતા ફરીયાદીને તેની મરણમુડીના રૂપીયા પરત ન ચુકવી વિશ્વાસઘાત, છેતરપીંડી કરેલ હોવાનાં આક્ષેપો કરેલ છે. જે ગુનાના કામે આરોપીઓએ સેશન્સ કોર્ટમા આગોતરા જામીન અરજી કરેલ હતી જે આગોતરા જામીન અરજી નામંજુર થતા આરોપીઓએ નામ. ગુજરાત હાઈકોર્ટમા આગોતરા જામીન અરજી કરેલ હતી. જે જામીન અરજી મંજૂર કરી બંને આરોપીઓને અગાઉ આગોતરા જામીન પર મુકત કરેલ હતા.ત્યારબાદ આરોપીઓ મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયાએ ગુજરાત હાઈકોર્ટમાં પોતાની સામે ખોટી ફરીયાદ કરેલ હોવાથી મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયાએ પોતાની સામેની ફરિયાદ કવોશીંગ કરવા માટે પીટીશન દાખલ કરેલ હતી. જે ગુજરાત હાઈકોર્ટે મંજૂર કરી બંને આરોપીઓ મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયા વિરૂધ્ધ થયેલ એફ.આઈ.આર. રદ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.આ કામનાં આરોપીઓ રાજકોટ શહેર યુવા ભાજપના મહામંત્રી મીલન અરવિંદભાઈ લીંબાસીયા અને કેયુર કિશોરભાઈ કેરાડીયા તરફે એડવોકેટ તરીકે અભય ભારદ્વાજ એન્ડ એસોસીએટ્સનાં અંશ ભારદ્વાજ, ધીરજ પીપળીયા, ગૌતમ પરમાર, વિજય પટેલ, અમળતા ભારદ્વાજ, જીજ્ઞેશ વિરાણી, જીતેન્દ્ર કાનાબાર, કમલેશ ઉધરેજા, રાકેશ ભટ્ટ, તારક સાવંત, જીજ્ઞેશ લાખાણી, ચેતન પુરોહિત તથા ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ આલોક ઠક્કર રોકાયા હતા.



# ગંદકી કરવા બદલ ખોડલ પાન શકિત સ્કેપની દુકાનોને સીલ






શહેરના આંબેડકરનગર ખાતે આવેલ ખોડલ ડિલક્સ પાન અને પુનિતનગર ૮૦ ફુટ રોડ પર આવેલ શકિત સ્કેપ મળી કુલ બે દુકાનો જાહેરમાં ગંદકી કરવા બદલ સીલ કરવામાં આવેલ છે. આ બંને દુકાનના માલિકોને જાહેરમાં સ્વચ્છતા જાળવવા નોટીસ આપ્યા બાદ કલમ ૩૭૬ હેઠળ સીલ મારવામાં આવ્યાનું પર્યાવરણ વિભાગે જણાવ્યું હતું. સોલીડ વેસ્ટ વિભાગની ડ્રાઈવમાં ત્રણે ઝોનમાંથી ૩૭ આસામી પાસેથી દોઢ કિલો પ્લાસ્ટિક જપ્ત કરી રૂા.૯૯૫૦નો દંડ ગંદકી કરનારા પાસેથી વસુલાયો હતો. સેન્ટ્રલ ઝોનમાં ૧૬, વેસ્ટ ઝોનમાં ૧૨, ઈસ્ટ ઝોનમાં ૯ આસામી સામે આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ગટરની ખુલ્લી કુંડીમાં બાઈક ખાબકતાં અખબારી એજન્ટનું સારવારમાં મોત

## ગાંધીગ્રામના અક્ષર માર્ગ પર બનેલો બનાવઃ દસ દિવસની સારવાર બાદ કાલે દમ તોડયો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાતમાં ગયા મહિને વરસેલા ભારે વરસાદના કારણે અનેક સ્થળોએ રસ્તાઓમાં મોટા ખાડ પડવાની ઘટનાઓ સામે આવી છે. રાજકોટ શહેરમાં પણ વરસેલા ભારે વરસાદે તંત્રની પોલ નાંખી હોય તેમ રસ્તાઓ બિસ્માર બન્યા છે. રસ્તાઓ પર ખાડા પડી જવાના કારણે અકસ્માતની ઘટનાઓ બની રહી છે. ગઈકાલે બપોરે જ સ્કૂટર લઈને જતા વૃધ્ધ ગટરનું ઢાંકણું ખુલ્લુ હોવાથી પડ્યા હતા. જેના કારણે તેમને ઓછી વત્તી ઈજાઓ પહોંચી હતી. આ પ્રકારની રોજ બે ઘટના બનતી હોવાનું સ્થાનિકે જણાવ્યું છે.

રાજકોટ શહેરમાં વધુ એક વખત મનપાની ઘોર બેદરકારી સામે આવી છે. રાજકોટ શહેરના વોર્ડ નંબર ૧માં હીરાના બંગલા નજીક તૂટેલા ગટરના ઢાંકણાએ એક વ્યક્તિનો ભોગ લીધો છે. રાજકોટના ગાંધીગ્રામ વિસ્તારમાં રહેતા અને પ્રેસ એજન્સી સાથે સંકળાયેલા વનરાજસિંહ ઉદયસિંહ જાડેજા ગત તારીખ ૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ વહેલી સવારે પોતાના ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે અચાનક હીરાના બંગલા નજીક પહોંચતા પોતાનું બાઈક ગટરના તૂટેલા ઢાંકણામાં આવી જતા સ્લીપ થયું હતું અને તેના કારણે તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા. જે બાદ તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને ૯ દિવસ બાદ ગઈકાલે તેઓનું મોત નિપજતા પરિવારમાં કલ્પાંત છવાઈ ગયો હતો.



ગાંધીગ્રામ વિસ્તારમાં હીરાના બંગલા નજીક ગત ૩ સપ્ટેમ્બરના રોજ ખુલ્લી ગટરના કારણે અકસ્માત સર્જાયો હતો અને તેમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત પ્રૌઢનું ૯ દિવસની સારવાર બાદ મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

જે ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યા છે. જેમાં ગટર ઉપરથી ટુ-વ્હીલર પસાર થતાની સાથે જ સ્લીપ થઈ ૧૫ ફૂટ જેટલું ઢસડાતું જોવા મળે છે.

ઉલ્લેખનીય છે કે, રાજકોટ શહેરના દરેક રોડ-રસ્તા પર આ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે. વરસાદે વિરામ લીધાને પખવાડિયું થવા છતાં આજે પણ ગટરો છલકાઈ રહી છે. રસ્તા પર પાણી વહી રહ્યા છે. જેના કારણે ખુલી ગટર, તૂટેલા ગટરના ઢાંકણા કે રસ્તા પર પડેલા ખાડા અંગે વાહનચાલકોને ખ્યાલ આવતો નથી અને અકસ્માતનો ભોગ બની જાય છે. આ તંત્રની ઘોર બેદરકારી છે અને હવે તંત્રની આંખ નહીં ઉઘડે અને કામગીરી પર ધ્યાન આપવામાં નહિ આવે તો હજુ પણ અનેક લોકોના અકસ્માત થાય તો નવાઈ નહીં.

# બામણબોર પાસે આખલા સાથે બાઈક અથડાતાં પરીવાર ફંગોળાયોઃ ૧૦ વર્ષના પુત્રનું મોત

## બેદરકારી દાખવનાર બાઈક ચાલક પતિ સામે પત્નીએ ફરીયાદ નોંધાવી


**મુખ્ય સમાચાર,રાજકોટ**

બામણબોર પાસે આખલા સાથે બાઈક અથડાતાં કોળી પરીવાર ફંગોળાયો હતો. જેમાં ૧૦ વર્ષના પુત્રનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. બનાવ અંગે પુરપાટ ઝડપે બાઈક ચલાવી બેદરકારી દાખવનાર બાઈક ચાલક પતિ સામે પત્નીએ ફરીયાદ નોંધાવતા એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બનાવ અંગે સુરેન્દ્રનગરના ખાખરાવાડી ગામમાં રહેતાં રેખાબેન સુરેશભાઈ બોહકીયા (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓની સંતાનમા ૧૨ વર્ષની પુત્રી કિંજલ અને ૧૦ વર્ષનો પુત્ર કિશન છે. તેમના પતિ ટ્રેકટર ચલાવવાનું કામ કરે છે. તેમનું પિયર રાજકોટમા મંછાનગરમા આવેલ છે.

ગઈ તા.૦૯ ના બપોરના સમયે તેણી તેના પતિ અને બંને બાળકો સાથે બાઈકમાં ખાખરાવાડીથી રાજકોટ પિયર જવા માટે નિકળેલ હતાં. તેમના પતિ સુરેશભાઈ બાઈક ચલાવતા હતા અને આગળના ભાગે દીકરો કિશન બેઠો હતો.

તેણીના પતિ પુરપાટ ઝડપથી બાઈક ચલાવતા હોય જેથી તેમને ધીરે ચલાવવાનુ વારંવાર જણાવતી હતી. દરમીયાન અમદાવાદ-રાજકોટ હાઈવે, બામણબોર ગામ પાસે ચામુંડા હોટલ પાસે પહોચેલા ત્યા રસ્તામા રોડ ઉપર બે આખલા ઉભા હતા અને તે આખલા સાથે તેના પતિએ બાઈક ભટકાડી દીધેલ અને તેઓ ચારેય બાઈક સહીત રોડ ઉપર પડી ગયેલ હતાં. દરમિયાન ત્યાં લોકો એકઠાં થઈ ગયેલ અને ૧૦૮ મારફતે ચારેય ઈજાગ્રસ્તને સારવાર અર્થે કુવાડવા પ્રાથમીક આરોગ્ય કેંદ્ર પર લઈ ગયેલ હતા.



બાદમાં તેમના પતિ અને પુત્રીને વધું સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. જ્યારે તેણીના પુત્રને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા ટૂંકી સારવારમાં મોત નિપજ્યું હતું. જેથી તેના પતિએ બેજવાબદાર પૂર્વક બાઈક ચલાવી બાઈક આખલા સાથે અથડાવતા તેમના પુત્રનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# રેલનગરમાં નાસ્તો કરતાં કરતા પ્રૌઢ ઢળી પડયાઃ હાર્ટએટેકથી મોત

## સાધુ વાસવાણી કુંજ રોડની પોતાની દૂકાનેથી નજીકની દૂકાને નાસ્તો કરવા ગયા ત્યારે ઢળી પડયાઃ બેભાન હાલતમાં હોસ્પિટલમાં ખસેડાયા પણ દમ તોડી દીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હૃદય રોગના હુમલાથી મૃત્યુની વધુ એક ઘટના બની છે. રેલનગરમાં રહેતાં અને વાળંદ કામની દુકાન ધરાવતાં પ્રૌઢ સાંજે રેલનગરમાં જ આવેલી પોતાની દૂકાનેથી નજીકમાં આવેલી દૂકાને નાસ્તો કરવા ગયા ત્યારે ત્યાં નાસ્તો કરતાં કરતાં ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટમલાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.



જાણવા મળ્યા મુજબ રેલનગર સાધુ વાસવાણી કુંજ રોડ દ્વારીકા વિલેજમાં રહેતાં રાકેશભાઈ સુરેશભાઈ જોટંગીયા (ઉ.વ.૫૧)ઘર નજીક સાધુવાસવાણી કુંજર રોડ પર ભાગ્યોદ હેર સલૂન નામે દૂકાન ચલાવતાં હોઈ સાંજે પોતાની દૂકાનેથી નજીકમાં નાસ્તો કરવા બીજી દૂકાને ગયા હતાં.

ત્યાં નાસ્તો કરતી વખતે તે એકાએક ઢળી પડતાં લોકોએ સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતાં અને તેમના સગાને જાણ થતાં તેઓ પણ પહોંચી ગયા હતાં.

સારવાર દરમિયાન રાકેશભાઈએ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઈ, કેતનભાઈ, ધર્મેન્દ્રભાઈ સહિતે જાણ કરતાં પ્ર.નગર પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર બે ભાઈ અને એક બહેનમાં મોટા હતાં. સંતાનમાં એક પુત્ર છે. બનાવને પગલે જોટંગીયા પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

રાકેશભાઈનું બેસણું તા. ૧૪ના શનિવારે સાંજે ૪ થી ૬, ભોમેશ્વર મહાદેવ મંદિર, જામનગર રોડ ભોમેશ્વર ખાતે રાખવામાં આવ્યાનું સ્વજનોએ જણાવ્યું હતું.

# રોગચાળો વકર્યોઃ વાવડીમાં ૨૦ વર્ષીય યુવતીનું તાવથી મોત

■ છોટાઉદેપુર પંથકની શ્રમિક યુવતી ૩ દિવસથી તાવમાં સપડાયા બાદ બેભાન થઇ જતા મોત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરમાં રોગચાળાએ માથુ ઉચક્યુ હોય તેમ ડેન્ગ્યુ, મેલેરીયા, તાવ સહિતની બીમારીના કેસો વધી રહ્યા છે. ત્યારે વાવડીમાં રહેતી ૨૦ વર્ષિય યુવતીનું તાવની બીમારીથી મોત નીપજતા આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. મુળ છોટા ઉદેપુર પંથકની શ્રમિક યુવતી ત્રણ દિવસથી તાવમાં સપડાયા બાદ બેભાન થઈ જતા તેનું મોત નીપજ્યું હતું. જાણવા મળતિ વિગત મુજબ, મુળ છોટાઉદેપુર પંથકની વતની અને હાલ રાજકોટમાં વાવડી ઈન્સ્ટ્રીયલ એરીયામાં બાલાજી ચોક પાસે લકકી પોલીમર્સ નામના કારખાનામાં રહેતી અસીલા તેરસિંગ રાઠવા (ઉ.વ.૨૦)નામની યુવતી ત્રણ દિવસથી તાવની બીમારીમાં સપડાતા ખાનગી હોસ્પિટલની દવા ચાલુ હતી. દરમિયાન આજે સવારે તેણી બેભાન થઈ જતા. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ થયાનું જાહેર કર્યુ હતું. પ્રાથમિક તપાસમાં મૃતક અસીલા બે ભાઈ ત્રણ બહેનમાં મોટી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવથી શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.



# શહેર એસઓજીએ દૂધ સાગર રોડ ભગવતી સોસાયટીમાં રહેતા શખ્સને દેશી તમંચા સાથે પકડ્યો

## પીઆઇ સંજયસિંહ એમ. જાડેજા અને ટીમની કામગીરી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેર એસઓજી ટીમે દેશી તમંચા સાથે એક શખ્સને પકડ્યો છે. એસઓજી શાખાના કર્મચારીઓ ગેરકાયદેસર હથીયાર ધરાવતા શખ્સોને શોધી કાઢવા રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો.હેડ.કોન્સ દિપકભાઈ મનુભાઈ ડાંગર તથા પો.કોન્સ. કિશોરભાઈ લક્ષમણભાઈ ઘુઘલની સંયુકત બાતમી આધારે ૮૦ ફુટ રોડ અમુલ સર્કલથી આગળ ભગવતી ટેક્નો કારખાનાના ખુણા પાસેથી ફિરોઝ ઈકબાલભાઈ સોલંકી (ઉ.વ.૩૫, રહે. દુધસાગર મે.રોડ ભગવતી સોસાયટી શેરી નં.૨ ભાડાની ઓરડીમાં રાજકોટ)ને રૂ. ૫૦૦૦ના દેશી તમંચા સાથે પકડી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ અને સ્પેશયલ બ્રાન્ચ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ભરત બી.બસીયાએ ગણપતિ ઉત્સવ અને વિસર્જન અંગેના તહેવાર અનુસંધાને સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ રાખી ગેરકાયદેસર હથીયાર ધરાવતા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપી હોઈ તે અંતર્ગત પોલીસ ઈન્સપેકટર એસ.એમ.જાડેજાના માર્ગદર્શન હેઠળ આ કામગીરી પો.ઈન્સ. એસ.એમ.જાડેજા તથા પો.સબ.ઈન્સ આર.જે.કામળીયા તથા પો.હેડ.કોન્સ. દિપકભાઈ મનુભાઈ ડાંગર તથા જીજ્ઞેશભાઈ મનસુખભાઈ અમરેલીયા તથા અરૂણભાઈ લક્ષમણભાઈ બાંભણીયા તથા પો .કોન્સ. કિશોરભાઈ લક્ષમણભાઈ ઘુઘલે કરી હતી.



# રાજકોટ જિલ્લા જેલમાં બહારથી સેલોટેપ વીંટાળેલા તમાકુ-મોબાઈલના દડા ફેંકાયા

## સીસીટીવીમાં કેદ બે શખ્સો સામે ગુનો નોંધી શોધખોળ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ જિલ્લા જેલમાં અવાર-નવાર જેલની દિવાલ બહારથી પ્રતિબંધિત વસ્તુઓ વિંટાળેલા દડા ફેકવાના બનાવ સામે આવતા રહે છે. ત્યારે વધુ એક બનાવમાં જિલ્લા જેલ બહારથી સેલોટેપ વિંટાળેલા તમાકુ-મોબાઈલ ભરેલા ત્રણ દડા ફેકવામાં આવ્યા હતા. આ અંગે જેલ સ્ટાફ દ્વારા તપાસ કરવામાં આવતા જેલ બહાર લગાવેલા સીસીટીવીમાં સ્કુટર પર આવેલા બે શખ્સો દડો ફેકતા કેદ થઈ ગયા હોય જેથી આ અંગે પોલીસે ઈન્ચાર્જ જેલરની ફરિયાદ પરથી ગુનો નોંધી આરપીઓની શોધખોળ હાથ ધરી છે.જાણવા મળતી વિગતો મુજબ જેલમાં ઈન્ચાર્જ જેલર ગ્રુપ-૨ તરીકે ફરજ બજાવતા અશોકસિંહ રાઠોડ દ્વારા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આ ઘટના અંગે બે અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.ફરિયાદમાં જણાવ્યું હતું કે, તારીખ ૧૦/૯ના તેઓ પોતાની ફરજ પર હતા ત્યારે સાંજના જેલરના જનરલ સુબેદાર ધર્મેશભાઈ ડાભીએ મૌખિક રિપોર્ટ આપ્યો હતો કે, જેલ-૨ યાર્ડ નંબર ત્રણના ફાટક આગળ યાર્ડ નંબર ૩૩ ના ફાટકની અંદર કોઈ અજાણ્યા શખસો દ્વારા રૂખડીયાપરા તથા માઉન્ટેન પોલીસ લાઈન તરફ જાહેર રસ્તા પરથી જેલની અંદર ચીજવસ્તુનો ઘા કરવામાં આવ્યો છે. જેથી આ બાબતે સીસીટીવી ફૂટેજ ચકાસતા બપોરના સમયે કાળા કલરના એકટીવામાં આવેલા બે શખસોએ જેલ બહારથી યાર્ડના પાછળના ભાગેથી જેલની અંદર કોઈક વસ્તુનો ઘા કર્યો હોય તેવું નજરે પડ્યું હતું. જેથી તપાસ કરતા સેલોટેપથી વિટાળેલ કુલ ત્રણ દડા મળી આવ્યા હતા.જેલના સિનિયર જેલરની હાજરીમાં આ પાર્સલ ખોલવામાં આવતા તેમાંથી પ્રતિબંધિત બુધાલાલ તમાકુની પડીકી નંગ ૩૫ તેમજ લાલ કલરનો બેટરી સીમકાર્ડ વગરનો સાદો મોબાઈલ ફોન મળી આવ્યો હતો.



જેથી જેલમાં પ્રતિબંધિત વસ્તુઓ ફેંકવા અંગે તપાસ થવી જરૂરી હોય આ મામલે આ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

બાદમાં સ્ટાફ દ્વારા સ્થળ ચકાસણી કરતા સેલોટેપથી વીંટાળેલ દડા સ્વરૂપના કુલ નંગ-૦૩ દડા મળી આવેલ મળી આવેલ હતાં. જે ખોલતાં તેમાંથી જેલમાં પ્રતિબંધિત તમાકુ પડીકી નં-૩૫ અને આઈટેલ કંપનીનો લાલ કલરનો બેટરી, સીમકાર્ડ વગરનો સાદો મોબાઈલ ફોન મળી આવેલ હતો. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર.નગર પોલીસે ગુનો નોંધી અજાણ્યાં શખ્સની શોધખોળ હાથ ધરી હતી.

# ફાકી ખાવા બાબતે પિતાએ ઠપકો આપતા એન્જિનિયરિંગના છાત્રએ ફાંસો ખાઈ લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આજના સમયમાં વિદ્યાર્થીઓમાં આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે. વાલીઓ સમાન્ય બાબતે ઠપકો આપતા સંતાનો જીવન ટુંકાવી લેતા હોવાનો બનાવો વધી રહ્યા છે ત્યારે વધુ એક બનાવમાં ફાકી ખાવા બાબતે પિતાએ ઠપકો આપતા એન્જિનિયરીંગના છાત્રએ ગળેફાંસો ખાઇ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. જસદણ રહેતો અને ત્રંબા ખાતે આવેલી આર.કે યુનિ.માં અભ્યાસ કરતા છાત્ર એ પોતાના ઘરે પંખામાં લટકી જઈ જીવન ટુંકાવી લીધુ હતુ.



જાણવા મળતી વિગત મુજબ જસદણમાં આવેલી આનંદધામ સોસયટીમાં રહેતો અને ભાવનગર હાઈવે પર ત્રંબા પાસે આવેલી આરે.કે યુનિમાં. એન્જિનિયરીંગ ડીપ્લોમાંનો અભ્યાસ કરતા પાર્થ શૈલેષભાઈ મકવાણા (ઉ.વ.૧૯) નામના છાત્રએ ગઈકાલે સાંજના સમયે પોતાના ઘરે રૂમમાં પંખા સાથે ગળફાંસો ખાઈ આપઘાત કરી લેતા તેને બેભાન હાલતમાં જસદણ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જયા ફરજ પરના તબીબી જોય તપાસી મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતા જસદણ પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ પ્રણવભાઈ વાછાણી સહિતનો સ્ટાફ હોસ્પિટલે દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃત દેહને પી.એમમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પાર્થ ગઈકાલે બોપરે ૧૨ વાગ્યા સુધી કોલેજ હતો બાદમાં ઘરે જઈ આ પગલું ભરી લીધુ હતુ. વધુ તપાસમાં પાર્થ ફાકી ખાતો હોય જેથી તેના પીતા શૈલેષભાઈ જોઈ જતા તેમને પુત્ર ને ફાકી ખાવા બાબતે ઠપકો આપ્યો હોય જેનુ લાગી આવતા પાર્થે આ પગલું ભરી લીધાનું ખુલવા પામ્યુ છે.

યુવાન પુત્રના મોતથી પરિવાર જનોમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

ઉલ્લેખનીય છે કે, તાજેતરમાંજ આર.કે યુનિ.ના ફર્મસીના છાત્રએ હોસ્ટેલના રૂમમાં જ ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જયારે વાવડી વિસ્તારમાં રહેતી ધો.૧૨ની છાત્રાએ પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો ત્યારે વધુ એક બનાવ સામે આવતા ટુકા ગાળામાં જ ત્રણ વિદ્યાર્થીઓના આપઘાતથી શિક્ષણ જગતમાં ચકચાર મચી જવા પામી હતી.